# આત્મધર્મ

## વર્ષ ૨૩

## સળંગ અંક ૨૭૫A

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૫A

## દુઃખનો ઉપાય ધીરજ

રે જીવ! આ સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો આવે, આકાશ ફાટી પડે એવી અણધારેલી પ્રતિકૂળતાઓ આવી પડે, મન મુંઝાઈ જાય ને હૃદય ગભરાઈ જાય,-એવા પ્રસંગે પણ ધૈર્યસહિત આટલું તો ચોક્કસ લક્ષમાં રાખજે કે તારું દુઃખ તેં જ ઊભું કર્યું છે. કાં તો પૂર્વે દેવ-ગુરુ-ધર્મની કોઈ વિરાધનાથી, કોઈ સાધર્મીના તિરસ્કારથી, કોઈના ઉપર ખોટા કલંકો નાંખવાથી, કોઈને સત્કાર્યોમાં વિઘ્ન કરવાથી-કે એવા જ કોઈ કિલષ્ટ-પરિણામો વડે, અને કોઈ મિથ્યા કલ્પનાઓ વડે તેં તારું આ દુઃખ ઊભું કર્યું છે. એ પ્રમાણે દુઃખકારણોને જાણીને અત્યંત તીવ્રપણે છોડ.

અને બીજું, સન્તની મહત્ત્વની શિખામણ છે કે-"કટોકટીના પ્રસંગે ધીરજ ને શાંતિ રાખવી તે ખરા મુમુક્ષુનું કર્તવ્ય છે...ખરો આત્માર્થી તે પ્રસંગોને લાભરૂપ પ્રણમાવે છે." ગમે તેવી પરિસ્થિતિમાંય આત્માર્થી પોતાના આત્માર્થને ચુકતો નથી.

વર્ષઃ ૨૩ અંકઃ ૧૨ વાર્ષિક લવાજમ રૂા. ત્રણઃ વીર સં. ૨૪૯૨ આસો

તંત્રીઃ જગજીવનદાસ બાવચંદ દોશી. સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય



આપણા આત્મધર્મને આજ-કાલ કરતાં ગુરુદેવની છત્રછાયામાં આ અંકની સાથે ૨૩ વર્ષ પૂરાં થાય છે, આવતા અંકથી ૨૪ મું વર્ષ શરૂ થશે. ગુરુદેવ મંગલવાણીથી આપણને જૈનધર્મનું સત્ય સ્વરૂપ સમજાવીને આત્મહિતનો જે માર્ગ દર્શાવી રહ્યા છે તેનો સર્વત્ર ખૂબ પ્રચાર થાય એ 'આત્મધર્મની ભાવના છે. ગુરુદેવની કૃપાથી અને સૌના પ્રેમભર્યા સહકારથી આજે આત્મધર્મ વધુ ને વધુ વિકાસ સાધી રહ્યું છે.

પવિત્ર પર્યુષણ અને ક્ષમાવણીપર્વના મંગલ દિવસો હમણાં જ ગયા. ધર્મની આરાધના માટે આત્માને જાગૃત કરનારા, ને કષાયના કલુષ પરિણામોથી છોડાવીને આત્માને શાંતિ દેનારા આ પર્વપ્રસંગે જૈનમાત્રમાં ક્ષમાભાવનાની જે અતિ શીતલછાયા સર્વત્ર પ્રસરી જાય છે તે જિનવીરની વીતરાગીક્ષમાનો પ્રભાવ છે...કે જે ક્ષમા જિનમાર્ગ સિવાય બીજે હોઈ શકે નહિ. આવા ક્ષમાવણી પ્રસંગે, આત્મધર્મના સમસ્ત પાઠકો-સાધર્મીઓ તથા વડીલો પ્રત્યે જે કોઈ અપરાધો થયા હોય, કોઈનું મન દુભાયું હોય તો અતિ નમ્રભાવે હાર્દિક વાત્સલ્યપૂર્વક સૌ પ્રત્યે ક્ષમાપના ચાહું છું. કેટલાક બાલબંધુઓ તરફથી ક્ષમાવણીપત્ર મળેલ છે, તેમના પ્રત્યે પણ પ્રેમપૂર્વક ક્ષમાપના.

**સૂચના:-** હમણાં આત્મધર્મના દરેક ચાલુ અંકમાં ૪૦ પાનાં અપાશે. આ અંકમાં એક મહત્વની તત્ત્વચર્ચા તથા એક ખાસ પ્રવચન આપવાનું થયું, તેથી ભગવાન ઋષભદેવનો ચાલુ લેખ, તેમજ 'વિવિધ વચનામૃત' આ અંકે આપી શક્યા નથી. "તત્ત્વ ચર્ચા" ની જે ચાલુ લેખમાળા હતી તે "વાંચકો સાથે વાતચીત" ના વિભાગમાં જોડી દેવામાં આવી છે, એટલે તત્ત્વચર્ચાને લગતા જિજ્ઞાસુ પાઠકોના પ્રશ્નો તથા તેના ઉત્તર પણ એ વિભાગમાં અપાશે. આ સિવાયની જે ચાલુ લેખમાળાઓ છે તે થોડા વખતમાં પૂરી થયે બીજા નવીન સુધારાવધારા કરીશું. જિજ્ઞાસુ પાઠકો તેમજ વડીલો તરફથી આત્મધર્મના વિકાસ માટેના સૂચનો પ્રેમપૂર્વક આવકારવામાં આવે છે.

-जय जिनेन्द्र

વાર્ષિક
લવાજમ
ત્રણ રૂપિયા

વીર સં. ૨૪૯૨
આસો
ડિસેમ્બર માસ

* વર્ષ: ૨૩ અંક ૧૨ *

# ધર્મની આરાધનાનું પર્વ

## ( ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મનું સ્વરૂપ )

❀ ❀ ❀ ❀ ❀

**( પર્યુષણ વખતના દશ ધર્મ ઉપરના પ્રવચનોમાંથી દોહન વીર સં. ૨૪૯૨ )**

**( હે ભવ્ય ! આ ધર્મોને તું પરમભક્તિથી જાણ. )**

* * * * *

આજથી દશલક્ષણધર્મ ( પર્યુષણ પર્વ ) શરૂ થાય છે. આ શાશ્વત પર્વ છે; તેમાં આજે પહેલો ઉત્તમક્ષમાધર્મનો દિવસ છે. આ ક્ષમાદિ ઉત્તમ ધર્મો એ સમ્યગ્દર્શનપૂર્વકની ચારિત્રદશા છે, મુનિને આ ધર્મો હોય છે. તેથી અહીં કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહે છે કે જે રત્નત્રયયુક્ત છે, નિરંતર ક્ષમાદિ ભાવરૂપ પરિણમ્યા છે અને સર્વત્ર મધ્યસ્થ છે એવા સાધુ તે પોતે ધર્મ છે. મુનિધર્મ ઉત્તમક્ષમાદિ દશ પ્રકારનો કહ્યો છે. અહીં કાર્તિકેયાનુપ્રેક્ષામાંથી દશ ધર્મો વંચાય છે. આચાર્યદેવ કહે છે કે અહો, આ વીતરાગી ધર્મનું સ્વરૂપ પરમભક્તિથી અને ઉત્તમ ધર્મપ્રત્યેના પ્રેમથી જાણવા યોગ્ય છે, આદરપૂર્વક તેની ઉપાસના કરવા જેવી છે.

### ( ૧ ) પહેલો ઉત્તમક્ષમાધર્મ છે-

ઉત્તમક્ષમાભાવરૂપે પરિણમેલા મુનિવરો રૌદ્ર–ભયાનક ઉપસર્ગ થવા છતાં ક્ષમાથી ચ્યુત થતા નથી ને ક્રોધાગ્નિથી તપ્ત થતા નથી, તેમને નિર્મળ ક્ષમા છે. શાસ્ત્રમાં તેના ઘણા દાખલા આપ્યા છે. સુકુમારમુનિ, ગજકુમારમુનિ, કાર્તિકેયમુનિ વગેરે મુનિવરોએ ઘોર ઉપસર્ગ પ્રસંગે ક્રોધ કર્યા વગર, ક્ષમાધર્મની આરાધના કરી ને સ્વર્ગ–મોક્ષના ઉત્તમપદને પામ્યા. સુદર્શન શ્રાવક વગેરે શ્રાવકોએ પણ ઉપસર્ગ પ્રસંગે ક્ષમાભાવ ધારણ કર્યા તે શ્રાવકની ઉત્તમ ક્ષમા છે.

ક્ષમાધર્મ પરમ શાંતિનો દેનાર છે, ને ક્રોધ દુઃખદાયી છે. પ્રાણ જાય એવો ઉપસર્ગ આવે તો પણ ધર્મી જીવો પોતાના ધર્મને છોડતા નથી. ક્રોધનું નિમિત્ત આવતાં એમ વિચારવું કે જો કોઈ મારા દોષ કહે છે, તે દોષ જો મારામાં હોય–તો તેણે શું ખોટું કહ્યું? અને જો મારામાં ન હોય એવો દોષ કોઈએ કહ્યો તો તે તો તેનું અજ્ઞાન છે, જાણ્યા વિના અજ્ઞાનથી તે કહે છે, એટલે એના ઉપર ક્રોધ શો? એ તો અજ્ઞાનીનો એવો બાલસ્વભાવ છે એમ જાણી ક્ષમાભાવ રાખે. કોઈ દુષ્ટ વચન કહે, નિંદા કરે, મારે કે પ્રાણઘાત કરે, તો પણ મારા ધર્મનો ધ્વંસ કરવા કોઈ સમર્થ નથી. બહારની નિંદા–પ્રશંસા તો પૂર્વકર્મના ઉદય અનુસાર બને છે. ધર્મી તેનાથી પોતાને ભિન્ન જાણે છે. ક્ષમાથી ખસીને હું ક્રોધ કરું તો મારા ધર્મનો ધ્વંસ થાય, બીજો તો મારા ધર્મનો ધ્વંસ કરવા સમર્થ નથી, ને હું મારા ક્ષમાધર્મથી ખસતો નથી, પછી ક્રોધ રહ્યો જ ક્યાં? ખરેખર તો ક્રોધ વગરનો મારો સ્વભાવ જ છે. મારા ઉપયોગસ્વભાવમાં ક્રોધ નથી,–આવા સ્વભાવની ભાવનામાં લીન થતાં ક્રોધની ઉત્પત્તિ જ થતી નથી.–એનું નામ ઉત્તમક્ષમાધર્મની ઉપાસના છે. ને આવી ક્ષમા તે સાધકને મોક્ષની સહચરી છે.

### ( ૨ ) માર્દવધર્મનું સ્વરૂપ

દસલક્ષણપર્વમાં આજે બીજો માર્દવધર્મનો દિવસ છે. માર્દવ એટલે નિર્માનતા, ઉત્તમ નિર્માનતા કોને હોય? મુનિઓને ઉત્તમ માર્દવરૂપ ધર્મરત્ન હોય છે. તે મુનિ ઉત્તમ જ્ઞાન અને ઉત્તમ તપશ્ચરણ સહિત હોય છે તો પણ તે પોતાના આત્માને મદરહિત રાખે છે, જ્ઞાનનું કે તપનું અભિમાન થતું નથી. અહો, ક્યાં કેવળજ્ઞાનની અચિંત્ય તાકાત! ને ક્યાં આ શાસ્ત્રજ્ઞાન! એ તો કેવળજ્ઞાનના અનંતમા ભાગનું છે. ભલે ૧૨ અંગનો ઉઘાડ હોય તોપણ કેવળજ્ઞાન પાસે તો તે તરણાં સમાન છે, અનંતમા ભાગનું છે.–આમ ધર્માત્મા મુનિઓને વિનયરૂપ નિર્માનપરિણતિ હોય છે.

અહો, ધન્યમુનિની નિર્માન દશા! સ્વભાવની અધિકતા પાસે બીજાની અધિકતા ભાસતી નથી તેથી બીજાનું અભિમાન થતું નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની જેમ આ ઉત્તમ ક્ષમા, માર્દવ વગેરે ધર્મો છે તે પણ રત્ન છે. આવી અનંતી નિર્મળપર્યાયરૂપ ઉત્તમ રત્નોનો ભંડાર આત્મા છે એટલે આત્મા ચૈતન્ય–રત્નાકર છે. આવા આત્માને જે અનુભવે તેને કોઈ બીજાવડે પોતાની મહત્તા લાગતી નથી, એટલે અન્ય પદાર્થોનું

અભિમાન થતું નથી, તેમજ પર્યાયમાં જ્ઞાનાદિનો કાંઈક વિશેષ ઉઘાડ હોય તેનું પણ અભિમાન થતું નથી. પૂર્ણ સ્વભાવની ભાવનાવડે તે પૂર્ણતાને જ સાધવા માગે છે.

**( ૩ ) ઉત્તમ આર્જવ ( સરળતા ) ધર્મનું સ્વરૂપ**

દશલક્ષણ ધર્મમાં ત્રીજો આર્જવધર્મ છે. આર્જવ એટલે સરળતા, રત્નત્રયધર્મની આરાધનામાં તત્પર મુનિરાજ મનથી વચનથી કે કાયાથી વક્રતા કરતા નથી. પોતાના દોષોને છુપાવતા નથી, સરળપણે દોષનું આલોચન કરીને છોડે છે, તેમને ઉત્તમ આર્જવધર્મ હોય છે. તેઓ બાળક જેવા સરળ હોય છે.

અહીં એકલા મન–વચન–કાયાના લક્ષે સરળતા રાખે તેની વાત નથી, તે તો શુભ કર્મના બંધનું કારણ છે. ને અહીં તો સંવરના કારણરૂપ આર્જવધર્મનું વર્ણન છે. મન–વચન–કાયાની ક્રિયાઓથી પાર જે સહજ જ્ઞાનાનંદસ્વભાવ, તેમાં માયાચાર વગેરે વક્રતાનો અભાવ છે, એવા સ્વભાવની આરાધના વડે મિથ્યાત્વનો અભાવ તથા વક્રપરિણામનો અભાવ તે ઉત્તમ સરળતા છે, તે સંવરધર્મ છે. જ્યાં નિર્માનતા હોય ત્યાં જ આવી ઉત્તમ સરળતા હોઈ શકે. ગુરુ પાસે મારા દોષ પ્રગટ કરીશ તો મારું માન ઘટી જશે–એમ જો માન હોય તો તે દોષ પ્રગટ કરવામાં સરળતા કરી શકે નહિ, તેને માન કે માયાચાર થાય. અહો, મુનિવરો રત્નત્રયધર્મના આરાધક, તેમાં જરા પણ દોષ લાગી જાય તો તે સહન થઈ શકે નહિ, તરત સરળપણે તે દોષ પ્રગટ કરીને તેને છેદી નાંખે છે ને રત્નત્રયની શુદ્ધિ પ્રગટ કરે છે. એવા મુનિઓને ઉત્તમ સરળતા હોય છે. તેને અનુસરીને જિજ્ઞાસુને પણ પોતાના પરિણામમાં સરળતા હોય.

**( ૪ ) ઉત્તમ શૌચધર્મનું સ્વરૂપ**

દશલક્ષણધર્મમાં ચોથો ઉત્તમ શૌચધર્મ છે. શૌચ એટલે પવિત્રતા, અથવા નિર્લોભતા; ચૈતન્યતત્ત્વના અતીન્દ્રિય આનંદના અનુભવ વડે લોભરહિત એવા નિર્મળ પરિણામ થાય કે બાહ્યવિષયોની ચાહના ન રહે, સોનું હો કે તરણું હો, શત્રુ હો કે મિત્ર હો, રસવાન આહાર હો કે નીરસ હો,–એમાં સમભાવ થાય, પરમ આનંદના અનુભવરૂપ જળવડે તૃષ્ણારૂપ મલિનતાને ધોઈ નાંખે, અશુચી પરિણામને ધોઈને શુચીરૂપ પરિણામ થાય તેનું નામ ઉત્તમ શૌચધર્મ છે. પરમાં સુખ માને તેને પરની તૃષ્ણા ટળે નહિ ને સંતોષરૂપ શૌચ થાય નહિ. સ્વદ્રવ્યના આનંદમાં જેને તૃપ્તિ થઈ છે તેને જ પરની તૃષ્ણા મટે છે. તેને દેહના જીવનનોય લોભ નથી. હું તો મારા આનંદ અને ચૈતન્ય વડે જીવનાર છું ત્યાં બીજા જીવતરનો લોભ શો ? મારાથી જ હું તૃપ્ત ભરપૂર–ભરેલો છું ત્યાં બીજાની તૃષ્ણા શી ? આવા નિર્મળ ચિત્તવડે રાગદ્વેષરહિત પરિણામ થાય તેનું નામ શૌચધર્મ છે. સમ્યગ્દર્શનવડે ચિત્તની નિર્મળતા થયા વગર શૌચધર્મ હોય નહિ. પર પદાર્થની ચાહનારૂપ જે મેલ, તેને સ્વાનુભવના સંતોષરૂપ પવિત્ર જળ વડે ધોઈ

નાંખીને આત્માને પવિત્ર કરવો તે ઉત્તમ શૌચધર્મ છે.

### ( ૫ ) ઉત્તમ સત્ય ધર્મનું સ્વરૂપ

ભગવાન જિનેન્દ્રદેવની વાણીમાં જે વસ્તુસ્વરૂપ કહ્યું છે તે સત્ય છે, તેવા વસ્તુસ્વરૂપને જાણવું, અને તે જિનસૂત્રઅનુસાર જ વચન કહેવા, તે ઉત્તમસત્યધર્મ છે. ભગવાને કહેલા સત્ય વસ્તુસ્વરૂપને ( જડ–ચેતનની ભિન્નતા વગેરેને જે જાણે પણ નહિ ને વિપરીત માને તેને તો સત્યધર્મની આરાધના હોતી નથી, જ્યાં જ્ઞાન જ ખોટું છે ત્યાં સત્યધર્મ કેવો ?

ભગવાને સ્ફટિકની જેમ આત્માની નિર્મળતાને ધર્મ કહ્યો છે. 'जिन सोही है आतमा, अन्य होई सो कर्म–શુદ્ધ આત્માનો સ્વભાવ જેમાં કર્મકલંક નથી–રાગદ્વેષ નથી, એવા આત્માની આરાધનાને ભગવાને ધર્મ કહ્યો છે. તે ધર્મનું પ્રતિપાદન કરનારી વાણી તે જ સત્ય વચન છે. એનાથી વિરૂદ્ધ જે કહે, જે રાગાદિ કષાયભાવોને ધર્મ મનાવે–તે સત્યવચન નથી. રાગથી ધર્મ માનનારને વીતરાગમાર્ગમાં સત્યધર્મની આરાધના હોતી નથી. મુનિવરો પોતે તો અંતરમાં ચિદાનંદ સ્વભાવમાં એકાગ્રતાવડે વીતરાગીસત્યધર્મને આરાધી રહ્યા છે, ને વાણીમાં પણ એવા વીતરાગભાવરૂપ સત્યધર્મનું પ્રતિપાદન કરે છે. ગમે તેવી પ્રતિકૂળતામાંય ધર્મનું સ્વરૂપ વિપરીત કહે નહિ. એકલા લૌકિકમાં સત્ય બોલે પણ સત્યધર્મનું સ્વરૂપ જાણે નહિ તો તેને સત્યધર્મ હોતો નથી.–આમ સત્ય વસ્તુસ્વરૂપ જાણીને સત્યધર્મની આરાધના કરવી જોઈએ.

### ( ૬ ) ઉત્તમ સંયમધર્મનું સ્વરૂપ

સાક્ષાત્ મોક્ષમાર્ગના આરાધક એવા મુનિવરોને ઉત્તમક્ષમાદિ દશ ધર્મો હોય છે તેનું આ વર્ણન છે. આજે છઠ્ઠો દિવસ ઉત્તમ સંયમધર્મનો છે. મુનિવરોને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે એવી સંયમદશા પ્રગટી ગઈ છે કે એક તરણાંને પણ છેદવાની વૃત્તિ તેમને હોતી નથી. એકેન્દ્રિયાદિ કોઈ જીવને હણવાની વૃત્તિ થતી નથી, એ રીતે જીવોની રક્ષામાં તત્પર છે. અંદરમાં કષાયવડે આત્માની હિંસા થાય છે, એનાથી આત્માની રક્ષા કરવી એટલે પોતે પોતાના સ્વરૂપમાં એકાગ્રતારૂપ વીતરાગભાવ પ્રગટ કરવો તે સાચો સંયમધર્મ છે. ને આવો સંયમધર્મ હોય ત્યાં કોઈપણ જીવનું અહિત કરવાની વૃત્તિ હોય નહિ, તેમજ ઇન્દ્રિયવિષયોનો રાગ હોય નહિ. એને સંયમ કહેવાય છે. આ સંયમ કાંઈ દુઃખરૂપ નથી, એ તો વીતરાગી આનંદરૂપ છે. પહેલાં તો કષાયોથી અત્યંત ભિન્ન આત્માને જાણ્યો છે, એટલે કે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક સંયમધર્મ હોય છે. ધર્મી ગૃહસ્થને પણ સંયમધર્મની ભાવના હોય છે. તથા ત્રસહિંસાદિ તીવ્ર કષાયના પરિણામો તેને હોતા નથી.

### ( ૭ ) ઉત્તમ તપધર્મ

ચારિત્રની આરાધનામાં ઉગ્રતા કરવી તેનું નામ તપ છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન ઉપરાન્ત ઉપયોગને ઉગ્રપણે સ્વરૂપમાં એકાગ્ર કરવાનો ઉદ્યમ

તે ઉત્તમ તપ છે. ધર્માત્મા પોતાના ચૈતન્યના પરમ આનંદને સાધવામાં મશગુલ હોય ત્યાં આલોકના કે પરલોકના ભોગોની વાંછા તેને હોતી નથી, તથા શત્રુ–મિત્રમાં સમભાવ છે, અનુકૂળતા પ્રતિકૂળતામાં સમભાવ, સોનું કે તરણું તેમાં સમભાવ નિંદા પ્રશંસામાં તેમજ જીવન–મરણમાં પણ સમભાવ કરીને, રાગદ્વેષ રહિત ઉપયોગને નિજસ્વરૂપમાં થંભાવે તે મુનિને ઉત્તમ તપ છે. આવા તપવડે આનંદની વૃદ્ધિ થાય છે ને વિભાવપરિણતિના સંસ્કાર છૂટે છે. આ રીતે ઉપયોગને શુદ્ધ કરીને સ્વરૂપમાં થંભાવે છે, અત્યંત બળપૂર્વક ઉપયોગને લીન કરે છે, તે પરમ તપધર્મ છે.

ભેદ અપેક્ષાએ તેના બાર પ્રકાર છે. પણ તે બધામાં આવી ઉપયોગની શુદ્ધિ સાથે હોય તો જ સાચો તપ કહેવાય. મુનિવરો આવા તપની આરાધનાવડે પોતાના આત્માને શુદ્ધ કરે છે.

### ( ૮ ) ઉત્તમ ત્યાગધર્મનું સ્વરૂપ

આજે દશલક્ષણપર્વમાંઆઠમો દિવસ ઉત્તમ ત્યાગધર્મનો છે. ત્યાગ એટલે મમત્વનો અભાવ, જ્ઞાનદર્શનમય પોતાનો શુદ્ધઆત્મા, એના સિવાય સમસ્ત અન્ય ભાવોને પોતાથી ભિન્ન જાણીને છોડવા તે ઉત્તમ ત્યાગધર્મ છે. જ્યાં રાગાદિમાં મમત્વ હોય, રાગથી ધર્મ થવાથી બુદ્ધિ હોય, પુણ્યના ફળમાં મીઠાસ હોય, ત્યાં ત્યાગધર્મ હોતો નથી. અંતરમાં શુદ્ધાત્માના અનુભવને લીધે સંસારથી, શરીરથી ને ભોગોથી જે અત્યંત વિરક્ત છે, અને તે સંબંધી રાગ–દ્વેષ જેને થતા નથી, તેના નિર્મળ પરિણામને ત્યાગધર્મ કહે છે. ચૈતન્યમાં લીનતા વગર ભોગથી વિરક્તિ થાય નહિ. જ્ઞાન વિના ત્યાગ નહિ. મુનિઓને મિષ્ટ આહારનું કે પીંછી–કમંડળનું કે સ્થાન વગેરેનું મમત્વ હોતું નથી. જ્યાં દેહનું જ મમત્વ નથી ત્યાં બીજાની શી વાત! સમસ્ત બાહ્ય ભાવોથી વિરક્ત થઈને પરિણતિ અંતરસ્વરૂપમાં વળી ગઈ છે. પરભાવથી પાછો વળીને નિજસ્વભાવમાં એકાગ્ર થયો, તેમાં બધા પ્રકારનો ત્યાગ સમાઈ ગયો. આત્માનો સ્વભાવ જ્ઞાન–દર્શન–આનંદથી પરિપૂર્ણ છે, ને સર્વત્ર મમત્વ વગરનો છે,–આવા સ્વભાવના અનુભવના બળે રાગ–દ્વેષ–મોહરૂપ મમત્વ પરિણામ છૂટી ગયા, તે જ ઉત્તમ ત્યાગધર્મ છે. અહો, આવા ત્યાગ ધર્મવંત સંત, તેના ચરણમાં નમસ્કાર છે.

પોતાના આત્માનું સુખ જેણે દેખ્યું હોય ને પરમાં સુખબુદ્ધિ જેને છૂટી ગઈ હોય તેને જ ત્યાગધર્મની આરાધના હોય છે. પરમાં ને રાગમાં જે સુખ માને તે તેનો ત્યાગ કેમ કરે? એને તો પરભાવના ગ્રહણરૂપ મિથ્યાત્વનું સેવન છે. પહેલાં તો સમ્યગ્દર્શનની આરાધનાવડે મિથ્યાત્વનો ત્યાગ કરે, પછી ચારિત્રદશા પ્રગટ કરતાં રાગ–દ્વેષનો પણ ત્યાગ થાય તે વસ્ત્રાદિ બહિરંગ પરિગ્રહ પણ છૂટી જાય.–આ રીતે ઉત્તમ ત્યાગધર્મ હોય છે.

### ( ૯ ) ઉત્તમ આકિંચન્યધર્મનું સ્વરૂપ

‘અકિંચન’ એટલે કંઈ પણ મારું નથી’ એવી ભાવનારૂપ પરિણતિ. જ્ઞાનદર્શનમય શુદ્ધઆત્મા એક જ મારો છે ને બીજાું કાંઈ મારું

નથી–એવા ભાનપૂર્વક આકિંચન્યધર્મ હોય છે. અહીં મુખ્યપણે મુનિની ભૂમિકાના ધર્મની વાત છે એટલે અસ્થિરતાના રાગરૂપ વસ્ત્રાદિનું મમત્વ પણ તેમને હોતું નથી, ઘર–વસ્ત્ર–સ્ત્રી–ધન વગેરેનો તો તેમને રાગ જ છૂટી ગયો છે, ને તેનો બહારમાં પણ ત્યાગ છે. શિષ્ય વગેરેના મમત્વનો પણ મુનિને ત્યાગ, તેનો વિકલ્પ છૂટીને સ્વરૂપમાં એકાગ્રતા–એનું નામ ઉત્તમ અકિંચન ધર્મ છે, ને તે મોક્ષનું કારણ છે. ધર્મીને ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં પણ અકિંચન એવા જ્ઞાયકસ્વભાવનું ભાન તો થયું છે એટલે શ્રદ્ધાઅપેક્ષાએ તો અકિંચનધર્મ તેને છે. હું જ્ઞાયકભાવમાત્ર છું, મોહનો એકઅંશ પણ મારો નથી ને પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી–આવી શુદ્ધચૈતન્યની અનુભૂતિ ઉપરાંત તેમાં વિશેષ લીનતાવડે એવો વીતરાગભાવ પ્રગટે કે અસ્થિરતારૂપ મમત્વ પરિણામ પણ ન થાય,–એનું નામ અકિંચન્ય ધર્મ છે.

## ( ૧૦ ) ઉત્તમ બ્રહ્મચર્યનું સ્વરૂપ

બ્રહ્મસ્વરૂપ આત્મા તેના આનંદમાં લીન મુનિવરોને બાહ્યવિષયોથી અત્યંત વિરક્તિ હોય છે, એટલે સ્ત્રી સંબંધી રાગવૃત્તિ જ થતી નથી એને ઉત્તમ બ્રહ્મચર્યધર્મની આરાધના હોય છે. આવો બ્રહ્મચર્યધર્મ સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે. જેને સમ્યગ્દર્શન ન હોય, આત્માનું ભાન ન હોય, ને પરમાં સુખબુદ્ધિ હોય, રાગમાં સુખબુદ્ધિ હોય, વિષયોમાં સુખબુદ્ધિ હોય, તેને નિર્વિષય એવો બ્રહ્મચર્યધર્મ હોતો નથી. અને આત્માનું ભાન હોય, વિષયોમાં સુખબુદ્ધિ છૂટી ગઈ હોય, છતાં જેટલો સ્વસ્ત્રીઆદિ પ્રત્યેનો રાગભાવ છે તેટલું પણ અબ્રહ્મચર્ય છે; સ્વરૂપમાં લીન મુનિવરોને એવો રાગ પણ હોતો નથી. આવી આત્મલીનતાનું નામ બ્રહ્મચર્ય છે. જ્યાં પોતાના ચૈતન્યના અતીન્દ્રિયરૂપને દેખવામાં મશગુલ છે ત્યાં સ્ત્રીના રૂપને દેખવાનો રાગ ક્યાંથી થાય? એ જડનું ઢીંગલું છે. ચૈતન્યના અતીન્દ્રિયરૂપની રુચિ થઈ ને તેમાં લીનતા થઈ ત્યાં આનંદનું વેદન એવું પ્રગટયું કે બાહ્યવિષયો તરફ વૃત્તિ જ થતી નથી. બાહ્યવિષયોમાં સ્ત્રીને મુખ્ય ગણીને તેની વાત કરી છે. સર્વ પ્રકારથી સ્ત્રીસંગનો ત્યાગ ને ચૈતન્યના આનંદમાં લીનતા તે બ્રહ્મચર્ય છે. રણસંગ્રામમાં હજારો યોદ્ધાને જીતી લેનારા શૂરવીર પણ સ્ત્રીના એક કટાક્ષ વડે વીંધાઈ જાય છે,–માટે કહે છે કે એવા શૂરવીરને અમે શૂરવીર કહેતા નથી; ખરો શૂરવીર તો તે છે કે જે આત્મજ્ઞાની વિષયોથી વિરક્ત થયો છે ને સ્ત્રીના કટાક્ષબાણવડે પણ જેનું હૃદય વીંધાતું નથી; એવા જીવને ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે.

આ પ્રમાણે ઉત્તમક્ષમાથી શરૂ કરીને ઉત્તમ બ્રહ્મચર્ય સુધીનાં દશ ધર્મો કહ્યા તેને પરમ ભક્તિથી જાણવા, આવા ધર્મના ધારક મુનિઓ પ્રત્યે ધર્મીને પરમ ભક્તિ–બહુમાનનો ભાવ આવે છે. ને પોતે પણ આત્માના ભાનપૂર્વક ક્રોધાદિના ત્યાગવડે તે ધર્મની આરાધના કરે છે. એવી આરાધના તે મોક્ષનું કારણ છે. એવી ધર્મની આરાધનાનું આ પર્વ છે.

- जय जिनेन्द्र

પરમ શાંતિદાતારી

# અધ્યાત્મભાવના

આત્મધર્મની સહેલી લેખમાળા

( લેખાંકઃ નં ૪૧ ) ( અંક ૨૭૫ થી ચાલુ

**ભગવાનશ્રી પૂજ્યપાદ સ્વામીરચિત સમાધિશતક ઉપર પૂ. શ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવના ભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનો દશ વર્ષ પહેલાં થયા, તેનો સાર લઈને અનેક જિજ્ઞાસુઓની માંગણીથી આત્મધર્મની આ સુગમ લેખમાળા ૧૦ વર્ષ પહેલાં અંક ૧૫૮ થી આત્મધર્મમાં શરૂ કરવામાં આવી છે.**

( વીર સં. ૨૪૮૨ અષાડ વદ દસમ )

આત્માને નહિ દેખનાર બહિરાત્મદર્શી બહિરાત્મા શું ફળ પામે છે? ને અંતરમાં આત્માને દેખનાર અંતરાત્મા શું ફળ પામે છે? તે બતાવે છે–

देहान्तरगतेर्बीजं देहेस्मिन्नात्मभावना।
बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना।।७४।।

આ શરીર તે હું છું–એવી દેહમાં જ આત્મભાવના તે નવા નવા શરીર ધારણ કરવાનું બીજ છે, અને દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મામાં જ આત્મભાવના તે દેહરહિત એવા વિદેહી સિદ્ધપદનું કારણ છે.

એકકોર દેહભાવના, ને બીજીકોર આત્મભાવના,–એમ બે જ ભાગ લીધા છે. રાગાદિભાવોથી જે આત્માને લાભ માને છે તેને પણ ખરેખર દેહમાં જ આત્મભાવના છે; રાગથી જેણે લાભ માન્યો તેને તે રાગના ફળમાં જે જે સંયોગ મળશે તેમાં પણ તે આત્મબુદ્ધિ કરશે. ને તેથી નવા નવા દેહને ધારણ કરીને સંસારમાં રખડશે. પણ અરે! હું તો રાગથી પાર, ને દેહથી પાર ચૈતન્યતત્ત્વ છું–એવી આત્મભાવના કરવી તે મોક્ષનું કારણ છે.

જુઓ, અત્યારે તો રાજા વગરના રાજ જેવું થઈ ગયું છે, જૈનધર્મના નામે લોકો જેને જેમ ફાવે તેમ મનાવી રહ્યા છે. અરે! આ પંચમ કાળમાં અત્યારે તીર્થંકર–કેવળી–આચાર્ય–ઉપાધ્યાય ને સાધુ એ પાંચનો વિરહ પડયો, ને અનેક જીવો સ્વચ્છંદ પોષનારા વિરાધક પાક્યા...શાસ્ત્રના પણ

ઊંધા અર્થો કરીને પોતાની ઊંધીદ્રષ્ટિ પોષે છે. અને રાગથી ને દેહાદિની ક્રિયાથી ધર્મ થાય એમ માને છે. આચાર્યદેવ કહે છે કે એવા જીવો દેહને જ આત્મા માનનારા છે, ને તેના ફળમાં ફરી ફરીને દેહ ધારણ કરીને તેઓ ભવભ્રમણ કરશે. અને ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને તેમાં જ જે આત્મભાવના કરે છે તે વિદેહ પદને પામે છે એટલે કે અશરીરી સિદ્ધદશાને પામે છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માની શ્રદ્ધા જ્ઞાન લીનતા તે આત્મભાવના છે. ને એવી આત્મભાવના જ મોક્ષનું કારણ છે. આ સિવાય વ્યવહાર રત્નત્રયના રાગથી લાભ માનીને તેની જે ભાવના કરે છે તેને દેહની જ ભાવના છે. આમ સીધી રીતે તો દેહધારણ કરવાની ભાવના ભલે ન હોય, પણ દેહમાં આત્મબુદ્ધિ વર્તે છે તે જ દેહને ધારણ કરવાનું કારણ છે. દેહના લક્ષે થતા રાગાદિની જેને ભાવના છે તે પણ દેહને જ આત્મા માને છે. વ્યવહાર રત્નત્રયના રાગની જેને ભાવના છે તેને રાગથી જુદા ચૈતન્યતત્ત્વની ભાવના નથી, પણ રાગની અને રાગના ફળની જ તેને ભાવના છે, ને તે ભાવના જ ભવનું કારણ છે. ચૈતન્યસ્વરૂપ રાગરહિત નિર્વિકલ્પ છે તેની ભાવના જ મોક્ષનું કારણ છે.

જુઓ, આ કાળે આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરનારા જીવો બહુ જ વિરલ થોડા હોય છતાં સત્સમાગમે આત્માના સ્વભાવનું બહુમાન કરીને તેની હા પાડનારા જીવો તો અનેક હોય છે, અને જેણે આત્મસ્વભાવનું બહુમાન કરીને તેની હા પાડી તે જીવો પણ અનુક્રમે આગળ વધીને સમ્યગ્દર્શનાદિ પામશે. પણ જેણે પહેલેથી માર્ગ જ ઊંધો લીધો છે, સત્ય સાંભળતાં પણ તેનો વિરોધ કરે છે, રાગથી ને શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ ઊંધી માન્યતાને પોષે છે એવા જીવો તો તત્ત્વનો વિરોધ કરીને ભવભ્રમણમાં જ રખડે છે.

જેવું આત્માનું સ્વરૂપ છે તેવું જાણીને તેની ભાવના (–શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા) તે મોક્ષનું કારણ છે. “ભાવના ભવનાશિની”–કઈ ભાવના? કે દેહ હું નહિ, મન–વાણી હું નહિ. રાગાદિથી પણ પાર હું તો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું–આવી આત્મભાવના તે ભવનો નાશ કરનારી છે. “આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે...” જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા જેવો છે તેવો જાણ્યા વગર તેની સાચી ભાવના હોય નહિ. જે દેહની ક્રિયાઓને પોતાની માને–રાગને જ આત્માનું સ્વરૂપ માને તે તો દેહને અને રાગને જ આત્મા માનીને તે દેહાદિની જ ભાવના ભાવે છે, દેહ તે જ હું’ એવા અભિપ્રાયને લીધે તે ફરી ફરીને દેહને જ ધારણ કરે છે. જ્ઞાની પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને દેહાદિથી ભિન્ન દેખે છે ને તે નિજ આત્મસ્વરૂપની જ ભાવના ભાવે છે, તે આત્મભાવના વડે મુક્તિ પામે છે. આ રીતે ભાવનાઅનુસાર ભવ–મોક્ષ થાય છે.

જગતના બીજા જીવો પોતાની ભાવના સ્વીકારે કે ન સ્વીકારે પણ પોતાની ભાવનાનું ફળ પોતાને આવે છે. શરીરની ક્રિયા સાથે તેનો સંબંધ નથી. જુઓ, રામચંદ્રજી વનવાસ વખતે જ્યારે ગુપ્તિ–સુગુપ્તિ મુનિવરોને આહારદાન કરે છે ત્યારે ત્યાં ઝાડ ઉપર બેઠેલા જટાયુ પક્ષીને પણ ભાવના જાગે છે, મુનિ પ્રત્યે ભક્તિ જાગે છે,

જાતિસ્મરણજ્ઞાન થાય છે, ને મુનિવરોના ચરણોદકમાં પડે છે ત્યાં તેનું શરીર પણ સુંદર સોના જેવું થઈ જાય છે...પછી તો તે વ્રતધારી શ્રાવક થાય છે......ને સ્વર્ગમાં જાય છે. અહીં તો એમ બતાવવું છે કે કાંઈ તે પક્ષીના શરીરથી આહારદાનની ક્રિયા નહોતી થઈ, પણ તેને તેના અનુમોદનની ભાવના કરી, તો તે ભાવનાનું ફળ આવ્યું. તે તો શુભભાવની વાત છે. એ પ્રમાણે જેને ચિદાનંદ સ્વરૂપ આત્મામાં જ આત્મભાવના છે તે મુક્તિ પામે છે, ને જેને રાગની તથા દેહાદિની ભાવના છે, તેમાં જ આત્મબુદ્ધિ છે તે જીવ દેહને ધારણ કરીને જન્મ–મરણ કરે છે. આ રીતે જે જીવ શુદ્ધાત્માને જાણીને તેની ભાવના ભાવે છે તે શુદ્ધાત્મદશાને પામે છે, અને જે અશુદ્ધઆત્માને (રાગાદિને તથા દેહાદિને) ભાવે છે તે અશુદ્ધ આત્માને જ પામે છે એટલે કે મિથ્યાદ્રષ્ટિપણે ભવભ્રમણમાં રખડે છે. આ રીતે પોતાની ભાવના–અનુસાર ભવ કે મોક્ષ થાય છે. પણ ભાવના શ્રદ્ધા–અનુસાર હોય છે. શુદ્ધજ્ઞાનાનંદસ્વરૂપ આત્મા હું છું–એવી જેને શુદ્ધાત્માની શ્રદ્ધા છે તે જીવ તેની જ ભાવનાથી મુક્તિ પામે છે, અને દેહ તે જ હું–રાગાદિ તે હું' એવી જેની મિથ્યાશ્રદ્ધા છે તે જીવ તે રાગાદિની જ ભાવનાથી ભવમાં રખડે છે. જેને શુદ્ધઆત્માની ભાવના નથી તેને દેહની જ ભાવના છે, દેહને ધારણ કરવાના કારણોને જ તે સેવી રહ્યો છે, તેથી તે દેહને જ ધારણ કરે છે. જ્ઞાની તો શુદ્ધઆત્માને જ પોતાનો જાણીને, શુદ્ધાત્માનું જ સેવન કરીને મુક્તિ પામે છે.

આ રીતે જીવની ભાવના જ ભવ–મોક્ષનું કારણ છે, એ સિવાય કર્મ કે ગુરુ તે કોઈ ખરેખર ભવ મોક્ષનાં કારણ નથી. આમ જાણીને દેહાદિથી ભિન્ન પોતાના શુદ્ધસ્વરૂપની ભાવના મુમુક્ષુએ કરવી. ।। ૭૪।।

– जय जिनेन्द्र

જ્યાં ધર્મપ્રસંગે ભીડ પડે ત્યાં તન–મન–ધન અર્પી દેતાં ધર્મી ઝાલ્યો ન રહે, એને કે'વું નો પડે કે ભાઈ! તમે આટલું કરો ને! પણ સંઘ ઉપર, ધર્મ ઉપર કે સાધર્મી ઉપર જ્યાં ભીડનો પ્રસંગ આવ્યો ને જરૂર પડી ત્યાં ધર્માત્મા પોતાની સર્વ શક્તિથી તૈયાર જ હોય. જેમ રણસંગ્રામમાં રજપૂતનું શૌર્ય છૂપે નહિ તેમ ધર્મપ્રસંગમાં ધર્માત્માનો ઉત્સાહ છાનો ન રહે. એવો સહજ ધર્મપ્રેમ તેને હોય છે.

# અનુભૂતિની ક્રિયા

## પર્યાયમાં અશુદ્ધતા હોવાછતાં, શુદ્ધાત્માના અનુભવની રીત

**ભાઈ, જ્યારે જો ત્યારે તારા અંતરમાં આવો શુદ્ધ આત્મા પ્રકાશમાન છે, એકક્ષણ પણ તેનો વિરહ નથી. જેમ ત્રિકાળને જાણનારા એવા સર્વજ્ઞનો ત્રણકાળમાં કદી વિરહ નથી, તેમ આત્માના શુદ્ધસ્વરૂપનો કદી વિરહ નથી, દ્રષ્ટિ ખોલીને દેખ એટલી જ વાર છે; શુદ્ધનયરૂપી આંખ ઊઘાડીને જો, તો આત્મા શુદ્ધસ્વરૂપે પ્રકાશી રહ્યો છે. આવા આત્માના અનુભવની ક્રિયા અહીં આચાર્યદેવે સમજાવી છે. આ અનુભૂતિની ક્રિયામાં મોક્ષમાર્ગ સમાય છે.**

શુદ્ધનયના વિષયરૂપ આત્મા કેવો છે તે પ્રગટ કરે છે, સમસ્ત પરભાવોથી જે ભિન્ન છે, જે પોતાથી સમસ્તપ્રકારે પૂર્ણ છે, જેને આદિ અંત નથી, જે એકરૂપ છે, સમસ્ત સંકલ્પ વિકલ્પની જાળનો જ્યાં વિલય થઈ ગયો છે–આવા આત્મસ્વભાવને પ્રકાશમાન કરતો થકો શુદ્ધનય ઉદય પામે છે. જુઓ, આવા આત્માની અનુભૂતિ અને પ્રતીત તે સમ્યગ્દર્શન છે.

કર્મનો ઉદય તે તો પરદ્રવ્યમાં ગયો, ને તે ઉદય તરફના રાગાદિ ભાવો તે પરભાવો છે; આવા પરદ્રવ્ય અને પરભાવોથી ભિન્ન જ્ઞાયકભાવમાત્ર આત્મસ્વભાવ છે, તે સ્વભાવને શુદ્ધનય પ્રકાશે છે. પરદ્રવ્યો, તેના ભાવો તથા તેના નિમિત્તે થતા રાગાદિ વિકારો એ બધાય આત્મસ્વભાવથી અન્ય હોવાથી પરભાવો છે; તે પરભાવોથી તો જુદો; અને નિજસ્વભાવથી પરિપૂર્ણ,–એવો શુદ્ધઆત્મા છે. આવા શુદ્ધાત્માનો અનુભવ શુદ્ધનયવડે થાય છે. આને જ શુદ્ધજીવતત્ત્વ કહેવાય છે.

શુદ્ધનય પોતે નિર્મળપર્યાય છે; તે ભૂતાર્થ અભેદ આત્માને દેખે છે; તેની સાથે અભેદ કરીને તેને જ શુદ્ધનય કહી દીધો, અનાદિઅનંત એકરૂપ પારિણામિક પરમજ્ઞાનસ્વભાવે વર્તતો જે ભૂતાર્થસ્વભાવ, તેને અનુભવનારો ‘શુદ્ધનય

ભૂતાર્થ' છે એટલે શુદ્ધનયવડે આવા શુદ્ધાત્માનો અનુભવ કરવાયોગ્ય છે. આવા શુદ્ધાત્માના અનુભવમાં કોઈ સંકલ્પ-વિકલ્પ નથી. શુદ્ધઆત્મામાં તો સંકલ્પ-વિકલ્પ નથી, ને તેનો અનુભવ કરનારી પર્યાયમાં પણ સંકલ્પ-વિકલ્પ નથી. આવો અનુભવ થયો ત્યારે દ્રવ્યનું ભાન થયું. આવો શુદ્ધઅનુભવ તે કર્મનો ક્ષયકરણશીલ છે, રાગાદિનો પણ ક્ષય કરનારો છે. શરીરાદિ નોકર્મ, મોહનીયાદિ દ્રવ્યકર્મ કે રાગાદિ ભાવકર્મ એ ત્રણેથી ભિન્ન શુદ્ધાત્મઅનુભૂતિ છે. અનંત ગુણોથી પૂર્ણ ભરેલો એવો આત્મસ્વભાવ તે અનુભૂતિમાં પ્રગટ થાય છે. તેમાં કોઈ ભેદ નથી, વિકલ્પ નથી. આવી અનુભૂતિમાં જ સુખ છે. બીજે ક્યાંય સુખ નથી. સમ્યગ્દર્શન પણ આવી અનુભૂતિથી જ પ્રગટે છે, ને સમ્યગ્જ્ઞાન પણ આવી અનુભૂતિથી જ પ્રગટે છે. એ વાત ૧૪મી ગાથામાં આચાર્યભગવાન અલૌકિક રીતે સમજાવે છે-

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે.**

શુદ્ધનય કેવા આત્માને દેખે છે? કેવા આત્માની અનુભૂતિથી સમ્યગ્દર્શન થાય છે? તે અહીં બતાવે છે. અબદ્ધ અને અસ્પૃષ્ટ એટલે કર્મથી બંધાયેલો નહિ ને કર્મથી સ્પર્શાયેલો નહિ; પર્યાયોના અનેક આકારરૂપ જે અન્ય-અન્ય પણું તેનાથી રહિત એવો અનન્ય એક ચૈતન્ય આકારરૂપ; વધતી-ઘટતી અવસ્થારૂપ જે અનિયતપણું, તેનાથી રહિત નિત્યસ્થિર ચૈતન્યસ્વભાવમાં નિયત એકાકાર; વિશેષો એટલે ગુણના ભેદો તેનાથી રહિત અવિશેષ, તથા પરના સંપર્કથી થતું જે દુઃખ તેનાથી રહિત એકાન્ત બોધબીજસ્વભાવરૂપ એવો અસંયુક્ત, આવા વિશેષણોસ્વરૂપ જે આત્મા, તેનો અનુભવ શુદ્ધનયવડે થાય છે, શુદ્ધાત્માની અનુભૂતિ કહો, શુદ્ધનય કહો કે આત્મા કહો બધું અભેદ છે. પર્યાયવડે અનુભવ કર્યો ત્યારે આવો આત્મા પ્રકાશમાન થયો.

શુદ્ધ આત્માને આ અબદ્ધ વગેરે પાંચ વિશેષણો કહ્યા તે પણ કાંઈ પાંચ ભેદ બતાવવા માટે નથી; એકસાથે પાંચે ભાવોથી અભેદ આત્મા શુદ્ધપણે અનુભવમાં આવે છે. પહેલાં અબદ્ધસ્પૃષ્ટ જાણે પછી અનન્યપણું જાણે-એમ કાંઈ ભેદ નથી, શુદ્ધનયના અનુભવરૂપ આત્મામાં આ બધા વિશેષણો એકસાથે સમાઈ જાય છે. શુદ્ધનય અને તેના વિષયરૂપ શુદ્ધઆત્મા બંનેને અભેદ કરીને વાત કરી છે; કેમકે શુદ્ધનયની અનુભૂતિમાં કોઈ ભેદ ભાસતો નથી.

આ અનુભૂતિ શુદ્ધ જ્ઞાનચેતનારૂપ છે; કર્મચેતના કે કર્મફળચેતના તેનામાં નથી, સાધકને તે હોય ભલે પણ અનુભૂતિથી તે બહાર છે. પહેલાં આવી ઉપયોગરૂપ અનુભૂતિ થાય છે તે વખતે સમ્યગ્દર્શન થાય છે. પછી બહાર આવે ત્યારે પણ લબ્ધરૂપે આવી અનુભૂતિ ધર્મીને વર્તે જ છે. ચોથા ગુણસ્થાનથી જ ધર્મીને શુદ્ધ જ્ઞાનચેતનાની અનુભૂતિ શરૂ થઈ ગઈ છે. તે અનુભૂતિ આનંદચેતનારૂપ છે. આત્માની અનુભૂતિમાં ઘણી ગંભીરતા છે. વ્યવહારની પર્યાય ( રાગાદિ પર્યાય ) તેમાં સમાતી નથી, તે તો

'અનાત્મા' છે શુદ્ધનયના આત્મામાં તેનો અભાવ છે. બદ્ધસ્પૃષ્ટ આદિ પરભાવો અભૂતાર્થ હોવાથી, જ્યાં શુદ્ધનયવડે આત્મા અંતરમાં વળ્યો ત્યાં તે પરભાવો સ્વભાવથી બહાર રહી જાય છે, ને તેનાથી રહિત એવા શુદ્ધ સ્વભાવપણે આત્મા અનુભવાય છે. આવો અનુભવ કરે ત્યારે સ્વભાવની સમીપ થયો કહેવાય; ઉપયોગને સ્વભાવમાં જોડયો એટલે સ્વભાવની સમીપતા થઈ, ને પરભાવથી દૂર થયો. બદ્ધ-સ્પૃષ્ટ આદિ વિકારી ભાવો કાંઈ શુદ્ધાત્માના અનુભવમાં ભેગા નથી આવતા, કેમકે તે સ્વભાવની ચીજ નથી, એટલે સ્વભાવના અનુભવથી તે બહાર રહી જાય છે. આવા અનુભવનું નામ શુદ્ધનય છે.

## જિજ્ઞાસુનો પ્રશ્ન

શ્રી ગુરુએ કહ્યો તેવા શુદ્ધાત્માનો અનુભવ કરવાની જિજ્ઞાસાથી શિષ્ય પૂછે છેઃ પ્રભો! આપે કહ્યો તેવા શુદ્ધાત્માનો અનુભવ કઈ રીતે થાય? 'જેવો કહ્યો તેવો' કંઈક લક્ષમાં તો લીધો છે ને સાક્ષાત્ અનુભૂતિ માટે જિજ્ઞાસાથી પૂછે છેઃ પર્યાયમાં તો આ બંધ ને વિકારી ભાવો દેખાય છે, તે હોવા છતાં તેનાથી રહિત શુદ્ધઆત્માની અનુભૂતિ કેવી રીતે થાય? તે કૃપા કરીને સમજાવો. જુઓ આ સ્વાનુભવની નજીક આવેલા જિજ્ઞાસુનો પ્રશ્ન છે.

## શ્રી ગુરુ તેને અનુભૂતિની રીત સમજાવે છે

શ્રીગુરુ તેને શુદ્ધાત્મસ્વરૂપ સમજાવે છેઃ હે શિષ્ય! પર્યાયમાં જે બંધન અને વિકાર દેખાય છે તે અભૂતાર્થ છે, તે ભાવો આત્માના સ્વભાવભૂત નથી, શુદ્ધનયના વિષયરૂપ આત્મામાં તે ભાવો નથી; માટે શુદ્ધાત્મસ્વરૂપને દેખનારા શુદ્ધનયવડે અનુભવ કરતાં તે ભાવોથી રહિત એવી શુદ્ધાત્મઅનુભૂતિ થાય છે. જ્ઞાનસ્વભાવના અનુભવમાં તે ભાવો ભેગા અનુભવાતા નથી પણ ભિન્ન રહે છે. માટે વિકારથી ભિન્ન થઈને, ને સ્વભાવમાં એકત્વ કરીને અનુભવ કર, તો જેવો કહ્યો તેવો શુદ્ધાત્મા તને અનુભવમાં આવશે.

અનુભવમાં આવી શકે એવી આ વાત છે. આ વાત દ્રષ્ટાંતથી સ્પષ્ટ સમજાવે છે–

જેમ કમળપત્રને જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી જોતાં તેમાં જળથી સ્પર્શાવાપણું છે તે ભૂતાર્થ છે એટલે કે અવસ્થામાં તે વિદ્યમાન છે; પણ કમળપત્રનો એવો સ્વભાવ છે કે પાણી તેને સ્પર્શે નહિ, જરાક ઊંચું કરો તો તે કોરું ને કોરું હોય, એવા અસ્પર્શીસ્વભાવથી જુઓ તો કમળપત્રમાં પાણીથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે, પાણી તેને અડયું જ નથી. તેમ અનાદિકાળથી બંધાયેલા આત્માને કર્મબંધન અને વિકારી અવસ્થા તરફથી જુઓ તો તે બંધાયેલો અને વિકારી દેખાય છે, એટલે અવસ્થામાં તે બંધન અને વિકાર ભૂતાર્થ છે, વિદ્યમાન છે, પરંતુ આત્માના જ્ઞાનસ્વભાવમાં વિકારનો કે કર્મનો જરાય સ્પર્શ જ નથી, આવા સ્વભાવની સમીપ જઈને (એટલે કે તેમાં ઉપયોગને જોડીને) અનુભવ કરતાં બંધન અને વિકાર વગરનો શુદ્ધઆત્મા અનુભવમાં આવે છે; તે બદ્ધ-સ્પૃષ્ટાદિ ભાવો અભૂતાર્થ હોવાથી, તેનાથી રહિત એવો આત્મા શુદ્ધનયવડે અનુભવાય છે.

એકલી વિકારી પર્યાયને જ દેખનારો જીવ, સ્વભાવથી દૂર ને વિકારની સમીપ થઈને

(વિકારમાં તન્મય થઈને) આત્માને વિકારી જ અનુભવે છે. પણ શુદ્ધનયવડે સ્વભાવની સમીપ જા (તેમાં તન્મય થઈને એકત્વબુદ્ધિ કર) ને વિકારથી દૂર થા–તેને ભિન્ન જાણ, તો શુદ્ધઆત્મા તને અનુભવમાં આવશે.

વાહ, ટૂંકામાં અનુભવનો માર્ગ સમજાવ્યો છે! વિકારને અભૂતાર્થ કરીને જ્યાં સ્વભાવમાં એકતા કરી ત્યાં આનંદસહિત આત્મા અનુભવાય છે. તે એકાન્ત–બોધબીજરૂપ છે. આવા સ્વભાવમાં એકત્વ કરવું તે 'હુકમનો એક્કો' છે, કોઈ પરભાવ તેને જીતી શકે નહિ.

ભાઈ, તારી કાયમી ટકતી ચીજ શું છે? એકલા જ્ઞાનઆનંદથી ભરેલો એકસ્વભાવ તે તારી કાયમી ચીજ છે. વિકાર કે પરનો સંગ એ કાંઈ કાયમી ચીજ નથી, એ તો ક્ષણમાં છૂટી જનાર છે; સ્વભાવમાં વળતાં એ વિકાર કે પરસંગ ભિન્ન રહી જાય છે. માટે તે સ્વભાવ સાથે એકમેક નથી, પણ જુદા જ છે. અત્યારે પણ શુદ્ધનયવડે તે જુદા જ અનુભવાય છે. આવો અનુભવ તે શુદ્ધનય છે; તે સમ્યગ્દર્શન છે, તેમાં આત્મા સત્યસ્વરૂપે પ્રકાશમાન છે.

ભાઈ, જ્યારે જો ત્યારે તારા અંતરમાં આવો શુદ્ધઆત્મા પ્રકાશમાન છે. એકક્ષણ પણ તેનો વિરહ નથી. જેમ ત્રિકાળને જાણનારા એવા સર્વજ્ઞનો ત્રણકાળમાં કદી વિરહ નથી, તેમ આત્માના શુદ્ધસ્વરૂપનો કદી વિરહ નથી. દૃષ્ટિ ખોલીને દેખ, એટલી જ વાર છે શુદ્ધનયરૂપી આંખ ઊઘાડીને જો, તો આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશી રહ્યો છે–વિકારીભાવો તે સ્વભાવમાં પ્રવેશી ગયા નથી, તે તો ઉપર–ઉપર તરે છે, સ્વભાવથી બહાર જ રહે છે. આવા આત્માના સમ્યક્સ્વભાવનો તમે અનુભવ કરો એમ આચાર્યદેવનો ઉપદેશ છે.

જેમ શ્રીમદ્રાજચંદ્રજી કહે છે કે–

**ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

**તેમઅહીં કહે છે કે-**

**વિકારોભાવો આત્માના શુદ્ધસ્વભાવથી બહાર,**
**ભૂતાર્થસ્વભાવની દૃષ્ટિથી તે અભૂતાર્થ થતાં નહિ વાર.**

જુઓ, આ અનુભૂતિની ક્રિયા બતાવે છે. આ ક્રિયા તે ધર્મ છે; આ અનુભૂતિની ક્રિયામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સમાય છે. – जय जिनेन्द्र

રે જીવ! આવા ભયંકર અસહ્ય દુઃખસમુદ્રમાં તને ચેન નથી પડતું તો તેમાંથી ઊછળીને બહાર કેમ નથી નીકળી જતો! ને અંતરમાં ભરેલા આનંદસમુદ્રમાં ડુબકી કેમ નથી મારતો! સંતો તો વારંવાર તને તારું આનંદધામ બતાવે છે.

# આત્મસ્વભાવની અનુભૂતિમાં તેના સર્વે ગુણોના નિર્મળકાર્યની પ્રતીત ભેગી સમાઈ જાય છે

ભાદરવા સુદ ૧૨ (સં. ૨૦૨૨) ના રોજ આ ‘ઉત્પાદવ્યયધ્રુવત્વ શક્તિ’ ઉપરના વિશેષ મંથનથી પૂ. ગુરુદેવે પ્રવચનમાં જે ખાસ ભાવો કહ્યા તેનો સાર અહીં આપવામાં આવ્યો છે.

આત્માની ૪૭ શક્તિમાં ઉત્પાદવ્યયધ્રુવત્વ નામની એક શક્તિ છે. ક્રમપ્રવૃત્તિ એટલે ઉત્પાદ–વ્યય, ને અક્રમપ્રવૃત્તિ એટલે ધ્રુવતા, આત્માના સ્વભાવને દ્રષ્ટિમાં લેનારને આવા ક્રમ–અક્રમ સ્વભાવનો નિર્ણય પણ થઈ જાય છે. સર્વજ્ઞદેવે ત્રણકાળ જાણ્યા માટે ક્રમબદ્ધપર્યાય થાય–એમ સર્વજ્ઞતાના આધારે તો ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થાય જ છે, પણ અહીં તો આત્માની જ શક્તિના આધારે ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થાય છે, તે વાત આજે બપોરના મંથનમાં આવી, તે અત્યારે કહેવાય છે.

અનંતશક્તિસમ્પન્ન આત્માને અનુભવમાં લેતાં તેની આ ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વશક્તિ પણ પ્રતીતમાં આવી જ ગઈ, ને તેની પ્રતીત થતાં અક્રમરૂપ ગુણ ને ક્રમરૂપ પર્યાય તે પણ પ્રતીતમાં આવી જ ગયા. આ રીતે ઉત્પાદવ્યયધ્રુવત્વ શક્તિવડે પણ ક્રમબદ્ધપર્યાય સિદ્ધ થઈ જાય છે. આમ તો આ ક્રમબદ્ધપર્યાયની વાત ઘણા ન્યાયથી આવી ગયેલી છે, પણ આજે આ જુદી ઢબથી કહેવાય છે. દ્રવ્યમાં જ એવી શક્તિ છે કે પર્યાયો ક્રમેક્રમે પ્રવર્તે, ને ગુણો એકસાથે અક્રમે રહે. એટલે દ્રવ્યસ્વભાવની પ્રતીતમાં એની પ્રતીત પણ આવી જાય છે.

ક્રમ–અક્રમવર્તનરૂપ જે ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ સ્વભાવ, તે સ્વભાવનો નિર્ણય કરનારની દ્રષ્ટિ ક્યાં જાય છે?–આત્માના સ્વભાવમાં જાય છે, કેમકે આત્માના સ્વભાવની દ્રષ્ટિથી જ તેના ધર્મનો સાચો નિર્ણય થાય છે. એકેક ગુણના ભેદના લક્ષે યથાર્થ નિર્ણય થતો નથી. ગુણ કોનો? કે ગુણીનો; તે ગુણી એવા આત્મદ્રવ્ય

ઉપર દૃષ્ટિ ગયા વગર તેના ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ ધર્મનો (કે ક્રમ–અક્રમવર્તીપણાનો) નિર્ણય થાય નહિ. આત્મા ઉપર દૃષ્ટિ રાખીને આત્માના ધર્મનો નિર્ણય થાય, પણ બીજે ક્યાંય દૃષ્ટિ રાખીને આત્માના ધર્મનો નિર્ણય થઈ શકે નહિ. આત્માને પ્રતીતમાં લેતાં તેનો ઉત્પાદ–વ્યયધ્રુવસ્વભાવ પણ પ્રતીતમાં આવી જાય છે, એટલે તેમાં અક્રમરૂપ ગુણ ને ક્રમરૂપ વર્તતી પર્યાય પણ પ્રતીતમાં આવી જ ગઈ.

જુઓ, આમાં પોતાના જ સ્વભાવ સામે જોઈને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ ગયો; તે નિર્ણય માટે સર્વજ્ઞ સામે જોવાનું ન આવ્યું.

અનંતગુણો એક સાથે અક્રમે રહેવારૂપ ધ્રુવતા, અને ક્રમેક્રમે પર્યાય થવારૂપ ઉત્પાદ–વ્યય, આવો ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ આત્માનો એક ગુણ છે; એટલે જેણે આવા ધર્મવાળા આત્માને દૃષ્ટિમાં લીધો તેને ક્રમબદ્ધપર્યાય પણ ભેગી પ્રતીતમાં આવી જ ગઈ, કેમકે તેવો સ્વભાવ આત્માની શક્તિમાં સમાયેલો છે.

આત્માને પ્રતીતમાં લેતાં તેના ધર્મો પણ પ્રતીતમાં આવી જાય છે. જો ક્રમે પ્રવર્તતી પર્યાયરૂપ ઉત્પાદ–વ્યય ન માને તો તેણે ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિવાળો આત્મા માન્યો જ નથી. આત્મા ઉપર દૃષ્ટિ જતાં તેના અક્રમગુણોની ને તેની ક્રમવર્તી પર્યાયોની પ્રતીત થઈ જ જાય છે. અને આવા દ્રવ્યની દૃષ્ટિનું ફળ સમ્યગ્દર્શન છે, તેમાં રાગનું અકર્તાપણું પણ સમાઈ જાય છે. 'મારા દ્રવ્યનો આવો ધર્મ છે કે ક્રમે અને અક્રમે વર્તે'–આમ નક્કી કરવા જતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે, ને દ્રવ્યની દૃષ્ટિથી સમ્યગ્દર્શન થાય છે. એટલે સમ્યગ્દર્શન થતાં જ ક્રમબદ્ધની ખરી પ્રતીત થાય છે; ને આત્મા રાગાદિ પરભાવોના અકર્તાપણે પરિણમે છે.

આત્માની ખરી પ્રતીત ત્યારે કહેવાય કે તેના અનંતગુણની પ્રતીત પણ ભેગી આવે. એકલી પર્યાયનું કે ગુણભેદનું લક્ષ છોડીને જ્યાં અખંડ દ્રવ્યનું લક્ષ થયું ત્યાં દ્રવ્યના બધા ગુણો અનાદિઅનંત ક્રમ–અક્રમરૂપ વર્તતા પ્રતીતમાં આવ્યા. પર્યાયરૂપે ક્રમે પરિણમવું ને ગુણરૂપે અક્રમે રહેવું–એવો મારો સ્વભાવ છે,–એમ બંને વાત દ્રવ્યદૃષ્ટિમાં ભેગી સમાઈ જ ગઈ.

અહો, દ્રવ્યની દ્રષ્ટિમાં તો ગંભીરતા છે; તે અનંત ગુણને પોતામાં સમાવી દે છે. અનુભૂતિમાં ધર્મીને એવું દ્રવ્ય આવ્યું કે જેના અનંત ગુણો અક્રમે ધ્રુવ રહે, ને જેની પર્યાયો ક્રમેક્રમે ઉત્પાદ–વ્યયરૂપ થાય; આવું ઉત્પાદ–વ્યયધ્રુવસ્વરૂપ આત્મદ્રવ્ય દ્રષ્ટિમાં લેવું તે સમ્યગ્દર્શન છે. આવા ઉત્પાદ–વ્યય ને ધ્રુવતારૂપ આત્માનો એક ગુણ છે. આવા ગુણસહિત આત્મા ધર્મીને અનુભૂતિમાં આવ્યો; ત્યાં વિકલ્પનું કર્તૃત્વ ન રહ્યું. પર્યાયબુદ્ધિ ન રહી. દ્રવ્યદ્રષ્ટિમાં રાગથી ભિન્ન નિર્મળ પરિણમન થયું, ત્યાં રાગ તે કાળે હોય પણ તે કર્તૃત્વમાંથી બહાર રહી ગયો તે કાળે તેનું જ્ઞાન રહી ગયું પણ કર્તૃત્વ ન રહ્યું. આવું દ્રવ્યદ્રષ્ટિનું ફળ છે. આમાં અપૂર્વ ધર્મ છે.

જાુઓ આ ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય! ઠેઠ અંતરસ્વભાવમાં દ્રષ્ટિ ગઈ ત્યારે ક્રમબદ્ધપર્યાયની પ્રતીત સાચી થઈ.

સર્વજ્ઞદેવે જોયું છે માટે ક્રમબદ્ધ છે–એમાં તો સર્વજ્ઞનો આધાર આપીને ક્રમબદ્ધની સિદ્ધિ થઈ.–એ ન્યાય તો ઘણી વાર કહેવાઈ ગયો છે. અત્યારે તો, વસ્તુના સ્વભાવમાં જ એવો ધર્મ છે કે તે ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વરૂપ ધર્મના આધારે ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થઈ જાય છે, તે બતાવવું છે. આત્માની શક્તિના આધારે જ તેની પર્યાયનું ક્રમબદ્ધપણું સિદ્ધ થઈ જાય છે.

(આવો ક્રમવર્તીરૂપ ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ સ્વભાવ તો બધાય દ્રવ્યોમાં છે, જડમાં પણ છે; પણ આપણે તો અહીં આત્માની વાત અત્યારે મુખ્ય લેવી છે) વસ્તુની ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વશક્તિને ખ્યાલમાં લેતાં આ વાત ખ્યાલમાં આવી જાય છે, કેમકે આત્માની આ શક્તિનું જ એવું કાર્ય છે કે ગુણોથી અક્રમપણે ને પર્યાયોથી ક્રમપણે વર્તે.

આત્માના અનંતગુણ સર્વજ્ઞભગવાને જોયાં, તેમાં એક ગુણ ઉત્પાદ–વ્યય–ધ્રુવતા છે, ધ્રુવતા એટલે અક્રમ રહેતા ગુણ, ને ઉત્પાદ–વ્યય એટલે ક્રમેક્રમે થતી પર્યાયો. આવા ગુણ–પર્યાયસહિત ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવવાળા આત્માને દ્રષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. આત્માને અભેદ દ્રષ્ટિમાં લીધો તેમાં ભેગો આ ગુણ આવી જ

ગયો, એટલે ગુણનું અક્રમવર્તીપણું ને પર્યાયનું ક્રમવર્તીપણું–એવી પ્રતીત આત્માની અનુભૂતિમાં સમાઈ જ ગઈ. એના વગર આત્માને માન્યો જ ન કહેવાય.

આત્મામાં ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ શક્તિ ત્રિકાળ છે. હવે તેનું કાર્ય શું ? –કે ગુણોને અક્રમરૂપ રાખવા ને પર્યાયોને ક્રમરૂપ પ્રવર્તાવવી–એવું આ શક્તિનું કાર્ય છે. ત્રણેકાળે વસ્તુમાં આવું અક્રમ ને ક્રમવર્તીપણું છે.

આત્મામાં ગુણઅપેક્ષાએ સદૅશતા ને પર્યાયઅપેક્ષાએ વિસદૅશતા–એવો જે સ્વભાવ છે તેમાંથી પણ આ વાત નીકળે છે.

૨૧ મી અકર્તૃત્વશક્તિમાં, વિકારભાવનું કર્તૃત્વ ઉપરામ પામી ગયું–તેની વાત છે. એટલે કે દ્રવ્યદૅષ્ટિ થતાં આત્મા વિકારનો અકર્તા થયો, રાગને જાણવાનું રહ્યું પણ તેનું કર્તૃત્વ જ્ઞાનમાં ન રહ્યું. આવી અકર્તૃત્વશક્તિથી આત્મા રાગના અકર્તાપણે શોભી ઊઠયો. સમ્યગ્દર્શન થતાં જે અનંતશક્તિસમ્પન્ન આત્મદ્રવ્ય પ્રતીતમાં આવ્યું તેની સાથે તેની આવી અકર્તૃત્વશક્તિ પણ પ્રતીતમાં આવી, એટલે રાગનું અકર્તાપણું પ્રગટયું.–આવું અકર્તૃત્વશક્તિનું કાર્ય છે. સમ્યગ્દર્શન થતાં બધાય ગુણો સ્વકાર્યને કરે છે, નિર્મળપણે પરિણમન શરૂ થાય છે.

સમ્યગ્દૅષ્ટિને રાગનું અકર્તૃત્વ કેમ થયું ?–કે આત્માની અનુભૂતિમાં રાગના અકર્તાપણારૂપ અકર્તૃશક્તિ પણ ભેગી અનુભૂતિમાં આવી ગઈ છે, એટલે ત્યાં રાગનું કર્તૃત્વ રહ્યું નથી, રાગના અકર્તારૂપ પરિણમન થયું છે. આત્માના સ્વભાવની દૅષ્ટિ થતાં આવા અકર્તૃત્વરૂપ નિર્મળપર્યાયનો ક્રમ શરૂ થયો તે દૅષ્ટિનું ફળ છે. રાગનું કર્તૃત્વ આત્માના કોઈ ગુણમાં નથી એટલે આત્માની પ્રતીત થતાં કોઈ ગુણમાં રાગના કર્તૃત્વરૂપ પરિણમન રહેતું નથી. રાગનું જ્ઞાન ભલે રહે પણ તેનું કર્તૃત્વ રહેતું નથી. દ્રવ્ય–ગુણમાં જે અકર્તૃત્વ હતું તે અકર્તૃત્વ ( સ્વભાવદૅષ્ટિ થતાં ) પર્યાયમાં પણ વ્યાપી ગયું, એટલે પર્યાય પણ રાગના અકર્તૃત્વરૂપ થઈને પરિણમી. આ રીતે, ધર્મીને રાગ વખતેય અકર્તૃત્વશક્તિ ‘રાગના કર્તૃત્વથી ઉપરામરૂપે’ પરિણમી રહી છે, રાગના અભાવરૂપે પોતે પરિણમે છે. આનું નામ ‘જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું’ એમ કહેવાય છે. આવું કાર્ય થાય ત્યારે અકર્તૃત્વ

શક્તિવાળા આત્માને જાણ્યો ને અનુભવ્યો કહેવાય. ત્યાં ધર્મીને વ્યવહારરત્નત્રયના રાગનું ય કર્તૃત્વ કે સ્વામીત્વ રહેતું નથી. તે–તે કાળના વ્યવહારને જાણે છે પણ તેનો તે સ્વામી થતો નથી. રાગરૂપ વ્યવહાર છે તેનો અકર્તા થયો ત્યારે તેના વ્યવહારને વ્યવહાર કહ્યો.

આમાં સ્વ–સ્વામીત્વશક્તિનું પણ નિર્મળકાર્ય આવી ગયું. દ્રવ્યદ્રષ્ટિ થતાં પોતાની નિર્મળપર્યાયના સ્વામીત્વપણે જ પરિણમ્યો ને રાગાદિના સ્વામીત્વપણે ન પરિણમ્યો,–આવું સ્વસ્વામીત્વસંબંધ–શક્તિનું કાર્ય પ્રગટયું.

આવા આત્માના સ્વભાવમાં જે આવ્યો તે પરભાવથી નિવૃત્ત થયો, કેમકે પરભાવનું કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી. આત્માના અકર્તૃત્વસ્વભાવને જાણે ને રાગનું કર્તૃત્વ રહે એમ બને નહિ. સ્વભાવને જાણતાં પર્યાય તે તરફ વળે એટલે રાગાદિ પરભાવોથી નિવૃત્તિ થાય જ. પર્યાય અંતર્મુખ થઈને આત્માને જાણે ને પરભાવોથી નિવૃત્તિ ન થાય એમ બને જ નહિ. સ્વભાવને જાણતાં જ રાગનું કર્તૃત્વ છૂટી જાય છે ને જ્ઞાન પોતાના સ્વભાવમાં વળી જાય છે એટલે નિર્મળ જ્ઞાન–આનંદની પર્યાયો પ્રગટે છે.–આવું ભેદજ્ઞાનનું ફળ છે.

આમાં અકારણકાર્યત્વશક્તિનું નિર્મળ કાર્ય પણ આવી ગયું. અંતરસ્વભાવની દ્રષ્ટિથી જે નિર્મળપર્યાય પ્રગટી તેણે આખા આત્માને અકારણકાર્યસ્વરૂપ જાણ્યો, એટલે પર્યાયમાંથી પણ રાગનું કારણપણું છૂટી ગયું; તથા તે નિર્મળપર્યાય પોતે રાગનું કાર્ય પણ નથી; રાગને કારણ બનાવીને નિર્મળપર્યાયરૂપ કાર્ય થયું–એમ નથી. આ રીતે એક આત્મસ્વભાવની પ્રતીતિ અને અનુભૂતિમાં તેના સર્વે ગુણોના નિર્મળકાર્યની પ્રતીત ભેગી સમાઈ જાય છે.

- जय जिनेन्द्र

# એક અદ્‌ભુત ચર્ચા

**ગત ભાદરવા વદ ચોથે રાત્રિચર્ચા વખતે ગુરુદેવે ઘણી સરસ વૈરાગ્યપ્રેરક આત્માર્થપોષક જ્ઞાનપ્રેરક ચર્ચા સંભળાવી...વૈરાગ્યરસની ધૂનથી ગુરુદેવ ખૂબ ખીલ્યા હતા. તે ચર્ચાનો નમૂનો અહીં આપ્યો છે-**

સુખ તો આત્માના ધ્રુવ–ચિદાનંદ સ્વભાવમાં છે; બહારના સંયોગ તો અધ્રુવ ને અનિત્ય છે, તેમાં સુખ કેવું? ધર્મીએ પોતાના સ્વભાવનું સુખ જોયું છે એટલે બહારમાં બધેથી તેની દ્રષ્ટિ હટી ગઈ છે.

મોટો પુણ્યવંત રાજકુમાર હોય, બાગબગીચા વચ્ચે મહેલમાં બેઠો હોય, બહારની બધી વાતે સુખી હોય...પણ અંદર હૃદયમાં વિરક્ત થતાં માતાને કહે છે કે હે મા! મને આમાં ક્યાંયે ચેન પડતું નથી...આમાં ક્યાંય મારું ચિત્ત લાગતું નથી. આત્માના આનંદમાં જ્યાં અમારું ચિત્ત લાગ્યું છે ત્યાંથી તે ખસતું નથી, ને આમાં ક્યાંય અમારું ચિત્ત ક્ષણમાત્ર લાગતું નથી.

મા કહે છે–બેટા! આમાં તને શું ખામી છે? તને કઈ વાતનું દુઃખ છે?

પુત્ર કહે છે–મા! આ સંયોગમાં ક્યાંય મને ચેન પડતું નથી; મારું ચિત્ત તો મારા સ્વભાવના આનંદમાં લાગ્યું છે.

અરે, અમે તો આત્મા! –કે અમે તે દુઃખ?

–દુઃખ તે અમે કેમ હોઈએ? અમારો આત્મા તો સુખનો સાગર છે; તેમાં આ દુઃખ શા? આ સંયોગ શા?

માતા! રજા આપો, અમે અમારા ચૈતન્યના આનંદને સાધીએ. આ સંયોગોથી દૂર દૂર અંદર અમારી સ્વભાવગૂફામાં જઈને સિદ્ધ સાથે ગોષ્ટી કરીએ, ને સિદ્ધ જેવા આનંદને અનુ–

ભવીએ. હે જનની! આ સંયોગમાં ક્યાંય અમને ચેન નથી, અમારું ચિત્ત તો આત્મામાં લાગ્યું છે. (પ્રવચનસાર ગાથા ૨૦૧–૨૦૨ માં દીક્ષા પ્રસંગે દીક્ષાર્થી શરીરની જનની વગેરેને વૈરાગ્યથી સંબોધે છે તે વાત ગુરુદેવે અહીં યાદ કરી હતી...જાણે આવો કોઈ દીક્ષા પ્રસંગ નજરસમક્ષ બની રહ્યો હોય એવા ભાવો ગુરુદેવના શ્રીમુખથી નીકળતા હતા.)

–આ પ્રમાણે સંસારથી વિરક્ત થઈને એ રાજકુમાર દીક્ષા લ્યે ને અંદર લીન થઈને આત્માના આનંદને અનુભવે.–વાહ, ધન્ય એ દશા!

卐 卐 卐

બીજે દિવસે એ જ વૈરાગ્યના ફરી ફરી ઘોલનપૂર્વક પ્રવચનમાં પણ ગુરુદેવે કહ્યું:– ધર્મી રાજકુમાર હોય ને વેરાગ્ય થતાં માતાને કહે કે હે માતાજી! આ રાજમહેલ ને રાણીઓ, આ બાગબગીચા ને ખાનપાન એ સંયોગમાં ક્યાંય મને ચેન પડતું નથી, એમાં ક્યાંય મને સુખ ભાસતું નથી; મા! આ સંસારનાં દુઃખો હવે સહ્યા જતાં નથી. હવે તો હું મારા આનંદને સાધવા જાઉં છું.–માટે તું મને રજા આપ! આ સંસારથી મારો આત્મા ત્રાસ પામ્યો છે, ફરીને હવે હું આ સંસારમાં નહિ આવું. હવે તો આત્માના પૂર્ણાનંદને સાધીને સિદ્ધપદમાં જઈશું. માતા! તું મારી છેલ્લી માતા છો, બીજી માતા હવે હું નહિ કરું, બીજા માતાને ફરી નહિ રોવડાવું. માટે આનંદથી રજા આપ. મારો માર્ગ અફરગામી છે. સંસારની ચાર ગતિના દુઃખો સાંભળીને તેનાથી મારો આત્મા ત્રાસી ગયો છે; અરે, જે દુઃખો સાંભળ્યા પણ ન જાય (સાંભળતાંય આંસુ આવે) એ તે દુઃખ સહ્યા કેમ જાય? –એ દુઃખોથી હવે બસ થાવ...બસ થાવ. આત્માના આનંદમાં અમારું ચિત્ત ચોટયું છે તે સિવાય બીજે ક્યાંય હવે અમારું ચિત્ત ચોટતું નથી. બહારના ભાવો અનંતકાળ કર્યા હવે અમારું પરિણમન અંદર ઢળે છે અંદર જ્યાં અમારો આનંદ ભર્યો છે ત્યાં અમે જઈએ છીએ. સ્વાનુભૂતિથી અમારો જે આનંદ અમે જાણ્યો છે તે આનંદને સાધવા માટે જઈએ છીએ.

સ્વાનુભૂતિ વગર આત્માને આનંદ થાય નહિ. નવતત્ત્વોની ગૂંચમાંથી શુદ્ધનયવડે ભૂતાર્થ સ્વભાવને જુદો પાડી, જે શુદ્ધાત્માની અનુભૂતિ કરી તેમાં કોઈ વિકલ્પો કે ભેદોરૂપ દ્વૈત દેખાતું નથી, એકરૂપ એવો ભૂતાર્થ આત્મસ્વભાવ જ અનુભૂતિમાં પ્રકાશે છે.–આવી અનુભૂતિ વગર આત્માને આનંદ થાય નહિ.

જ્યારે આવી અનુભૂતિ સહિત રાજકુમાર સંસારથી વિરક્ત થઈને માતા પાસે રજા માંગે, ત્યારે માતા પણ ધર્મી હોય તે કહે કે ભાઈ! તું સુખેથી જા ને તારા આત્માને સાધ. જે તારો માર્ગ છે તે જ અમારો માર્ગ છે. અમારે પણ એ જ સ્વાનુભૂતિના માર્ગે આવવાનું છે.

અહા, એ દ્રશ્યો કેવા હશે!! –કે જ્યારે નાનકડા વૈરાગી રાજકુમારો રજા માગે ને ધર્મી માતા આવી રીતે તેને રજા આપતી હોય!

અહીં એક પ્રસંગને યાદ કરીને ગુરુદેવે કહ્યું: એક માણસને દીક્ષા લેવાની ભાવના જાગી; તેની સ્ત્રી તથા માતા વગેરે રુએ ને રજા ન આપે. ત્યારે દિક્ષાની ભાવનાથી તે માણસને ખૂબ રોવું આવ્યું. તેની મા આ જોઈ ન શકી, ને કહ્યું–ભાઈ, તું રડીશ માં! હું તને દીક્ષા લેવાની રજા આપીશ. –આવા પ્રસંગને યાદ કરીને ગુરુદેવ ઘણા વૈરાગ્યથી એક કડી બોલ્યા. જેમાં લગભગ આવા ભાવો હતા કે–

**'મા, જો તું રજાઆપે...તો સંયમના માર્ગે સંચરું.'**

卐 卐

## (સુખ-દુઃખના સ્વરૂપસંબંધી ચર્ચા)

જ્ઞાનસ્વરૂપી આત્મા પોતે સુખસ્વરૂપ છે; તેને બહારના આશ્રયે થતા રાગાદિ આકુળભાવો તે દુઃખ છે.

સંયોગથી દુઃખ કે સંયોગથી સુખ માનનારાને આત્માના ઇન્દ્રિયાતીત સુખસ્વભાવની ખબર નથી. સાતમી નરકમાં જે દુઃખ છે તે દુઃખ સંયોગોનું નથી પણ પોતાના વિભાવની આકુળતાથી જ તે જીવ દુઃખી છે. જેમ દુઃખ સંયોગથી નથી તેમ સુખ પણ કોઈ સંયોગથી નથી. મિથ્યાત્વાદિ ભાવો તે દુઃખરૂપ છે ને સમ્યક્ત્વાદિ ભાવો સુખરૂપ છે. સુખ તે સ્વભાવ છે, દુઃખ તે વિભાવ છે, ને સંયોગ તો બંનેથી ભિન્ન છે.

બહારના સંયોગથી જે દુઃખ માને છે, તે સુખ પણ બહારના સંયોગથી જ માનશે, એટલે સંયોગ વગરના અતીન્દ્રિય સુખની શ્રદ્ધા તેને નહિ થાય. દ્રષ્ટાંત–બટેટાની એકેક કણિમાં અનંતા જીવો છે, તેઓ મોહભાવની તીવ્રતાથી મહા દુઃખી છે. ત્યાં ધગધગતી સોય તેમાં ભોંકાય ને અનંત જીવો મરી જાય કે દુઃખી થાય,–ત્યાં તે સોયના સંયોગને કારણે તે જીવોને દુઃખ છે–એમ સંયોગથી દુઃખ માનનાર જીવ દુઃખના સાચા સ્વરૂપને ઓળખતો નથી. દુઃખ એને સંયોગનું નથી, એના ઊંધા ભાવનું દુઃખ છે. (એ જ પ્રમાણે સાતમી નરક વગેરેમાં પણ સમજવું.)

તેવી જ રીતે સુખ પણ સંયોગનું નથી. અતીન્દ્રિય સુખ આત્માના સ્વરૂપમાં છે. તે અતીન્દ્રિયસુખનો સ્વાદ જે ચાખે તે જ સુખના ને દુઃખના સાચા સ્વરૂપને ઓળખી શકે; ને સંયોગથી સુખ–દુઃખ તે માને નહિ. અજ્ઞાનીને તો સુખનીયે ખબર નથી ને દુઃખના પણ

ખરા સ્વરૂપને તે જાણતો નથી. (દુઃખને વેદે છે ખરો, પણ તેના સ્વરૂપને તે જાણતો નથી કે આ દુઃખ શેનું છે! સુખને તો તે વેદતોય નથી ને તેનું સ્વરૂપ પણ જાણતો નથી.)

જેમ, આત્માના સ્વરૂપને જાણે તેને જ બંધના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય; આત્માના અબંધસ્વભાવને અનુભવ્યા વગર બંધનું પણ સાચું જ્ઞાન ન થાય. તેમ આત્માના અતીન્દ્રિયસુખને જે જાણે તે જ દુઃખના સ્વરૂપને ઓળખે; સુખના અનુભવ વગર દુઃખનુંય સાચું જ્ઞાન થાય નહિ.

વાહ, જુઓ તો ખરા વસ્તુસ્થિતિ! નિશ્ચય વગરનો વ્યવહાર સાચો નહિ–એ રહસ્ય પણ આમાં આવી ગયું.

卐 卐

આત્માનો સ્વભાવ એવો છે કે જેને જાણતાં જાણનારને સુખ થાય; પરદ્રવ્યમાં એવો સ્વભાવ નથી. પરદ્રવ્યમાં સુખ નથી ને તેને જાણતાં જાણનારનેય સુખ નથી. આત્મામાં સુખ છે ને તેને જાણતાં જાણનારને પણ સુખ છે.–આવો સ્વભાવ આત્મામાં જ છે માટે આત્મા જ 'સાર' છે. એ વાત પહેલા જ કળશની ટીકામાં (નમઃ સમયસાર નો અર્થ કરતાં) શ્રી પં. રાજમલ્લજીએ કરી છે.

卐 卐

રે જીવ! આ જરાક દુઃખ પણ તારાથી સહન થતું નથી તો આના કરતાં મહાન તીવ્રદુઃખો જેનાથી ભોગવવા પડે–એવા ઊંધાભાવને તું કેમ સેવી રહ્યો છે!

જો તને દુઃખનો ખરો ભય હોય તો તે દુઃખના કારણરૂપ એવા મિથ્યાત્વાદિ ઊંધા ભાવોને તું શીઘ્ર છોડ.

卐 卐

## નબળી આંખ કોની? * આંખ ઊઘડી!!

બે માણસો વાત કરતા હતા.

એક માણસે કહ્યું–હું સોયમાં દોરો પરોવી શક્તો નથી.

બીજો માણસ કહે–ત્યારે તમારી આંખ નબળી હશે! આંખે બરાબર સૂઝતું નહિ હોય! હું તો એક સેકંડમાં દોરો પરોવી દઉં.

પહેલો માણસ કહે–ભાઈ, નબળી આંખ તો તારી છે, મારી આંખ તો કાંઈ નબળી નથી.

બીજો માણસ આશ્ચર્ય પામીને કહે–એમ કેમ કહો છો ?

પહેલો માણસ કહે–સાંભળ ભાઈ ! મારી તો આંખ જડ–ચેતનની ભિન્નતારૂપ યથાર્થ વસ્તુસ્વરૂપને જોઈ શકે છે, એટલે તે તો કાંઈ નબળી નથી; તે તો અતીન્દ્રિયસ્વરૂપને પણ જાણી લ્યે એવી બળવાન છે ! નબળી આંખ તો તારી છે કે જે યથાર્થ વસ્તુસ્વરૂપને જોઈ શક્તી નથી. જડ શું, ચેતન શું, બંનેની ભિન્ન ભિન્ન ક્રિયાઓ ક્યા પ્રકારે થાય છે–એ બધાને મારી આંખો ( જ્ઞાનચક્ષુ ) દેખી લ્યે છે એટલે તે તો નિર્દોષ છે. સોય શું દોરો શું, આત્મા શું,–તે દરેકની ભિન્નભિન્ન ક્રિયાઓ શું, તેને તારી આંખ દેખતી નથી, અજ્ઞાનદોષથી દુષિત તારા ચક્ષુ જડ–ચેતનને ભિન્નભિન્ન દેખી શક્તા નથી ને દૃષ્ટિદોષથી એકબીજામાં ભેળવી દે છે; તેથી તારા ચક્ષુ જ નબળા છે, મારા નહિ.

તેની આ વાત સાંભળીને બીજા માણસની આંખ ઊઘડી ગઈ, ને તેણે કહ્યું–અહો, તમે મને ખરી આંખ આપી ! પહેલાં હું અંધ હતો એટલે જડથી ભિન્ન મારા અસ્તિત્વને હું દેખી શકતો ન હતો...હવે મારી આંખ ઊઘડી, જ્ઞાનચક્ષુ ખુલ્યા, ને જડથી ભિન્ન મારું જ્ઞાનસ્વરૂપ મને દેખાયું. હું તો જ્ઞાન છું. ‘ખરેખર, સોયમાં દોરો હું પરોવી શક્તો નથી.’ –એ જડની ક્રિયાનો કર્તા હું કેમ હોઉં. ?

### આત્માર્થીની નિસ્પૃહતા ( બે જ્ઞાનીની વાત ) ( ચર્ચા ચાલુ )

સૂર્ય આપણને પ્રકાશ આપે છે. બે જ્ઞાની વાત કરતા હતા.

એક કહે–સૂર્ય મરી જાય તો શું થાય ?

બીજો કહે–તો ચન્દ્ર તો છે ને !

ચંદ્ર મરે તો ? ...........તારા તો છે ને !

તારા મરે તો ? .........દીવો તો છે ને !

દીવો ય ન હોય તો ? ......તો આ સ્વયંપ્રકાશી આત્મા તો છે ને !

‘સ્વયંપ્રકાશી આત્માને બીજા પ્રકાશની ક્યાં જરૂર છે ?”

“આત્મા કદી મરતો નથી,” “આત્મા અવિનાશી છે.”

સમ્યગ્જ્ઞાનદીપિકાના આધારે ઉપરની વાત યાદ કરીને થોડીવારે ગુરુદેવે અંદરની ગંભીરતાથી ઘણા વર્ષ પહેલાંના એક પ્રસંગનો ઉલ્લેખ કરીને કહ્યું ? આ ભાઈ વગેરેની અનુકૂળતા છે ને

આજીવિકા વગેરેનો યોગ છે. પણ કદાચિત એ બંધુ વગેરેનો વિયોગ થઈ જાય તો પછી તમારું કોણ ? ને તે વખતે તમારા મનમાં શું થાય ? ને તમને કેવા ભાવ આવે ? એમ એકવાર પરીક્ષા માટે એક જ્ઞાનીને પૂછયું. ત્યારે ગંભીર વૈરાગ્યથી તે ઉત્તર આપે છે કે– તો મને એમ થાય કે અરે, એમને આવો મનુષ્યભવ મળ્યો, આત્માના લાભનો આવો અવસર મળ્યો, ને આત્માનો લાભ લીધા વગર ચાલ્યા ગયા !' આટલું કહ્યા પછી ગુરુદેવે ઘણા ભાવથી કહ્યું–જુઓ જ્ઞાનીને અંદર આત્માની ધૂન આડે બહારની દરકાર નથી. આત્માના વિશ્વાસ આડે બહારની ચિન્તા નથી કે મારું શું થશે ! એમ ઘણા પ્રકારે જ્ઞાનીની નિસ્પૃહ આત્માર્થીતાનો ઘણો મહિમા કર્યો હતો. ( ગુરુદેવે તો નામઠામ સહિત વિગતથી વાત કરી હતી. પણ અહીં માત્ર તેના ભાવોનો ઉલ્લેખ કર્યો છે. )

( અણધારી આવી સરસ ચર્ચા નીકળતાં ગુરુદેવનેય પ્રસન્નતા થઈ, ને કહ્યું કે આવી ચર્ચા ક્યારેક જ નીકળે છે. શ્રોતાઓ પણ તે સાંભળીને પ્રમોદિત થયા; કોઈને તો વૈરાગ્યરસના આંસુ પણ આવી ગયા. તે વિરલ ચર્ચાનો નમૂનો અહીં આપ્યો છેઃ બાકી સીધા શ્રવણની તો વાત કોઈ જુદી છે. વૈરાગ્યપ્રેરક અને તત્ત્વજ્ઞાનથી ભરેલી સુંદર ચર્ચા મુમુક્ષુઓના જયનાદપૂર્વક પૂરી થઈ. )

– जय जिनेन्द्र

## “સ્વાનુભવનો આનંદ”

થોડા દિવસ પહેલાં એકવખત પ્રવચનમાં સ્વાનુભવ સંબંધી સરસ આનંદકારી વાત આવી; તેના અનુસંધાનમાં ત્રીસ વર્ષ પહેલાંની આત્મિકચર્ચા ગુરુદેવે યાદ કરી; ને પ્રવચન પૂરું થયા પછી ઘણા પ્રમોદથી ગુરુદેવ નીચેનું વાક્ય બોલ્યા–

**“જ્ઞાનની લીલી વાડીમાં આત્મા આનંદની રમત રમે છે.”**

જાણે કે એક વાક્યની ગંભીરતામાં ગુરુદેવ જ્ઞાનીના સ્વાનુભવનું ઘણું ઘણું વર્ણન વ્યક્ત કરતા હોય એમ લાગ્યું.

# વાંચકો સાથે વાતચીત

## ( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

આ વિભાગ એ વાંચકોનો વિભાગ છે; આમાં વ્યક્ત થતા વિચારો એ આપણા જિજ્ઞાસુ પાઠકોના વિચારો છે; ‘આત્મધર્મ’ દ્વારા પૂ. ગુરુદેવનો ઉપદેશ પ્રાપ્ત કરીને જિજ્ઞાસુપાઠકોને જે હર્ષોલ્લાસ થાય છે અને ગુરુદેવ પ્રત્યે જે ભક્તિ–બહુમાનની ઉર્મિઓ જાગે છે તે યત્‌કિંચિત તેઓ આ વિભાગદ્વારા વ્યક્ત કરે છે. આવેલા સેંકડો પત્રોમાંથી બેચાર પત્રો અહીં પ્રગટ કરીએ છીએ; તેમજ જિજ્ઞાસુપાઠકોના યોગ્ય પ્રશ્નોનું સમાધાન પણ આ વિભાગદ્વારા કરવામાં આવે છે. તેથી આ વિભાગ સૌને પ્રિય છે.

* સરદારશહેરથી શ્રી દીપચંદજી શેઠિયાના પૌત્રી પ્રતિભાબેન (ઉમર વર્ષ ૯) લખે છે કે–હમારે નારાયણપરિવારમેં સૂર્યોદયસે પહલે નિત્ય નીમ્ન પદસે બચ્ચોંકો સાવધાન (જાગૃત) કિયા જાતા હૈ–

મોહનીંદસે અબ તો જગીએ,<br>
ક્યા સૂતે બેહાલજી!<br>
કલ્પિતસુખકી દુઃખમય ઘડિયાં,<br>
અન્દરકા ક્યા હાલજી!<br>
સ્વ–પર સમઝને અબ હી લગીએ,<br>
હેરા ફેરી ટાલજી,<br>
આનંદઘનકી અમૃત ઘડીયાં,<br>
આતમકો સંભાલજી......

* પ્રશ્નઃ– અંજનાસતીએ એવા ક્યા કર્મ કર્યા કે આટલું બધું દુઃખ પડયું? (નં. ૮૧)

ઉત્તરઃ– પૂર્વ ભવમાં પટરાણીપદના અભિમાનથી તેણે જિનેન્દ્રદેવની પ્રતિમાનો અનાદર કર્યો હતો ને ધર્મની નિંદા કરી હતી, તેથી તેને આવું દુઃખ પડયું. (વિશેષ જાણવા માટે બે સખી પુસ્તક પાનું ૩૭ થી ૪૧ વાંચો)

गाना है, गाना गाना तो-<br>
तुम चेतनके ही गुण गाना।<br>
पथ पथिक यदि बनना चाहो,<br>
निजपथ पर निजको ले जाना।

-रतनचंद्र जैन

* પ્રશ્નઃ– મોહમયી મુંબઈનગરીનો મોહ છોડવા માટેનો સરળ માર્ગ બતાવશો? (નં. ૫૮૨)

ઉત્તરઃ– જી હા! સોનગઢના સંતોની શીતળછાયામાં વસવું એટલે મુંબઈનો મોહ છૂટી જશે.

પ્રશ્નઃ– સંસારદશામાં ન હોય તે ક્યો ભાવ? (નં ૪૭)

ઉત્તરઃ– સંસારદશામાં પાંચે ભાવો સંભવી શકે છે.

પ્રશ્નઃ– મોક્ષદશામાં ન હોય તે ક્યો ભાવ?

ઉત્તરઃ– ઉદય, ઉપશમ, ક્ષયોપશમ એ ત્રણ ભાવ મોક્ષમાં ન હોય; ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવ હોય.

આત્મધર્મના ગતાંકમાં પૃ. ૩૯ લાઈન ૬ માં સં. ૧૯૨૪ છપાયેલ છે. તેને બદલે સં. ૨૦૨૪ વાંચવું. ધ્યાન ખેંચનાર ભાઈનો આભાર!

પ્રશ્નઃ– આપણે કઈ વસ્તુનો ત્યાગ કરવો જોઈએ! (નં. ૧૪૩૫)

ઉત્તરઃ– મિથ્યાત્વનો અને રાગદ્વેષનો.

પ્રશ્નઃ– મોક્ષની વ્યાખ્યા શું?

ઉત્તરઃ– દુઃખથી સંપૂર્ણ છૂટકારો, ને સંપૂર્ણ સુખની પ્રાપ્તિ. (અથવા 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.')

પ્રશ્નઃ– ચારિત્ર એટલે શું? ધર્મની દ્રષ્ટિએ તેનું શું મહાત્મ્ય છે? (નં. ૧૪૫૫)

ઉત્તરઃ– પોતાના જ્ઞાનદર્શનસ્વરૂપ આત્મામાં ચરવું તે ચારિત્ર છે; તે ધર્મ છે; તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે. એ રીતે ચારિત્રનો અપાર મહિમા છે. ચારિત્રધારી મુનિવરો મહાનપૂજ્ય પરમેષ્ઠી છે. પણ, આવું ચારિત્ર સમ્યગ્દર્શન વગર હોતું નથી. માટે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન કહ્યું છે.

ઘણા બાળકો લખે છે કે બાલવિભાગ ચાલુ થયા પછી અમે આખુંય આત્મધર્મ વાંચીએ છીએ ને અમને બહુ મજા પડે છે; ઘણું નવું નવું જાણવાનું મળે છે. બંધુઓ! તમે સૌ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છો તે જાણીને સન્તોષ; ગુરુદેવની છાયામાં હજી આથી પણ વિશેષ આગળ વધો.

બેંગલોરથી સ. નં. ૭૫૪ લખે છે– "જબસે બાલવિભાગ ચાલુ હૂઆ હૈ તબસે અંક બરાબર પઢતા હૂં ઔર દિનરાત ઐસી અભિલાષા હૈ કિ વો દિન કબ આયેગા–જબ મેં પૂજ્ય ગુરુદેવકે પાસ પ્રવચન મંડપમેં (યાને ભાવી તીર્થંકરકે સમવસરણમેં) બૈઠકર ધર્મમેં આગે બઢૂં!–ઈસ અપૂર્વ અવસરકી રાહ દેખ રહા હૂં."

ભાઈ! રવીન્દ્રકુમાર! તમારા બ્હેન ચંદ્રલેખા (આપણા બાલવિભાગનાસભ્ય નં. ૨૨૫) તેમણે આઠ દિવસના ઉપવાસના પારણા પ્રસંગે બાલવિભાગને ખાસ યાદ કરીને રૂા. ૧૧) ભેટ મોકલ્યા તે મળ્યા છે. તે બદલ ધન્યવાદ! બાલવિભાગમાં અપાતાં તત્ત્વજ્ઞાનમાં આગળ વધીને વીતરાગી–દેવ–ગુરુ શરણે તે આત્મહિત પામે એમ ઈચ્છીએ છીએ.

પ્રદીપભાઈ જૈન, રાજકોટ (વીરજીભાઈના પ્રપૌત્ર) તમારા વતી તમારા ભાઈએ જે પત્ર લખ્યો તેમાં તમારી લાગણી જાણીને વૈરાગ્ય આવે એવું છે. તમે ભલે લખી શક્તા નથી પણ તમારી લાગણી જોઈને અમે તમને બાલવિભાગના પરિવારમાં દાખલ કર્યા છે ને તમારો સભ્ય નં. ૧૫૬૩ છે. ભાઈ, શરીરની સ્થિતિ ગમે તેવી હોય, પણ આવું માનવપણું ને આવું જૈનકૂળ મળ્યું તે મોટા ભાગ્યની વાત છે. તેમાં તમારા કુટુંબીજનો તમને ધર્મના સંસ્કાર રેડીરેડીને તમારું માનવપણું સફળ બનાવે જેથી ફરીને આવો દુઃખદાયી અવતાર ન મળે એમ ઈચ્છીએ છીએ.

ઉમરાળાથી સ. નં ૭૬૯ લખે છે– "અહીં જિનમંદિરમાં તથા જન્મધામમાં દર્શન કરવા રોજ જઈએ છીએ. પણ જો અત્રે પાઠશાળા ચાલતી હોય તો ઘણો જ આનંદ આવે. જામનગરનો દિ. જૈન સંઘ અત્રે આવેલ ને ઘણા જ ઉલ્લાસભાવથી ભક્તિ કરી હતી."

સોનગઢથી પગે ચાલીને બીજા કોઈ ગામના દિગંબર જિનમંદિરમાં ભગવાનના દર્શન કરવા જવું

હોય તો ઉમરાળા (ગુરુદેવનું જન્મધામ) સૌથી નજીક પડે; ત્યાં સીમંધર ભગવાન બિરાજે છે. સોનગઢથી ભાવનગર ૧૮ માઈલ છે, પાલીતાણા ૧૪ માઈલ છે ને ઉમરાળા તો ફક્ત ૧૧ માઈલ (સાડાપાંચ ગાઉ) દૂર છે. પહેલાં ગુરુદેવ જ્યારે પાદવિહાર કરતા ત્યારે સોનગઢથી (ધારૂકા થઈને) ઉમરાળા ગુરુદેવ સાથે ચાલીને જવાની અમને બહુ મજા પડતી.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે, તો પહેલાં મારે શું કરવું? (૧૫૮૮)

ઉત્તરઃ– સમ્યગ્દ્રષ્ટિ જીવોને ઓળખીને તેમનો સત્સમાગમ કરવો.

એક સભ્ય પૂછે છે કે કોઈક પ્રશ્નોનો જવાબ ન આવડતો હોય તો શું કરવું?–જવાબ ન આવડતો હોય તો મુંઝાવું નહિ પણ વડીલોને પૂછીને શીખી લેવું; ને પછી પોતાના હાથે તે જવાબ લખવો.

પ્રશ્નઃ– પાંચ પાંડવ અત્યારે ક્યાં છે? (નં. ૧૦૦૫ સુરેન્દ્રનગર)

ઉત્તરઃ– યુધિષ્ઠિર ભીમ અને અર્જુન એ ત્રણ પાંડવો સિદ્ધાલયમાં (સિદ્ધક્ષેત્ર શત્રુંજયના બરાબર ઉપરના ભાગમાં) બિરાજે છે; ને નકુલ તથા સહદેવ એ બે સ્વર્ગમાં છે.

કટની (મધ્યપ્રદેશ) ના શ્રી સ. સિ. ધન્યકુમારજી શેઠ પોતાના સોનગઢના અનુભવનું વર્ણન કરતાં અંતમાં લખે છે કે–

“મેરી કલ્પનામેં તો યહ આયા કિ સર્વાર્થસિદ્ધિ કે દેવોમેં ભી જો અધ્યાત્મ ચર્ચામેં ૩૩ સાગર બીત જાતે હૈ વહ સર્વથા સત્ય હૈ; યહ (સોનગઢ) નગરી તો ઉસી કા નમૂના હૈ, ઈસે હમ અબ “સર્વાર્થસિદ્ધિ પુરી” કહેં તો અત્યુક્તિ નહીં હોગી.” (जैनसन्देशમાંથી)

શ્રી દિગંબર જૈન વિદ્યાલય, રામગઢ (જયપુર) તરફથી શ્રીમાન ઈન્દ્રચન્દ્રજી જૈન મારફત રૂા. ૧૧૦૦) શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ ઉપર બાલવિભાગના બાળકોને કોઈ પુસ્તક ભેટ આપવા માટે આવ્યા છે...તે બદલ તેમને ધન્યવાદ. (બાલવિભાગ તથા આત્મધર્મ–વિકાસ માટે આવેલ પરચુરણ રકમોની યાદી આ અંકમાં આપી શકાઈ નથી.)

## સૂચના-


આત્મધર્મના જિજ્ઞાસુપાઠકો તથા બાલવિભાગના બાળકો આ વિભાગમાં ખૂબ રસ લઈ રહ્યા છે ને તત્ત્વજિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો પૂછી રહ્યા છે. આપ સૌ પ્રશ્ન પૂછો ને ધર્મમાં રસ લ્યો તે જરૂર પ્રશંસનીય છે; પરંતુ આપણા આત્મધર્મની શક્તિ મર્યાદિત છે, એટલે ખાસ સૂચના કરવાની કે એક સાથે એકથી વધુ પ્રશ્નો ન મોકલશો.

આપે પૂછેલા પ્રશ્નનો જવાબ ન આવે ત્યાં સુધી (અથવા ત્રણ માસ સુધી) નવા પ્રશ્નો ન મોકલશો.

બંને ત્યાંસુધી આપના ઘરના વડીલોને પૂછીને સમાધાન મેળવી લેશો.

–जय जिनेन्द्र

# ઉપાદેય-પરંપરા




જગતમાં પૃથક્ પૃથક્ અનંતા જીવો છે; તેના કરતાં અનંતાનંતગુણા પુદ્ગલો છે; ધર્માસ્તિ–અધર્માસ્તિ–આકાશ એ પ્રત્યેક એકેકછે; કાળના અણુ અસંખ્યાત છે.

આવા છ દ્રવ્યસ્વરૂપ લોકમાં જીવદ્રવ્ય જ ઉપાદેય છે.

તેમાંય જો કે શુદ્ધનિશ્ચયથી શક્તિઅપેક્ષાએ બધા જીવો ઉપાદેય છે, તો પણ વ્યક્તિઅપેક્ષાએ પંચપરમેષ્ઠિ ઉપાદેય છે.

તેમાં પણ વિશેષપણે અરિહંત ને સિદ્ધ ઉપાદેય છે.

તેમાં પણ સિદ્ધ ઉપાદેય છે.

અને પરમાર્થથી તો, મિથ્યાત્વ–રાગાદિ વિભાવ પરિણામોની નિવૃત્તિના કાળે એટલે કે નિર્વિકલ્પધ્યાનમાં સ્વકીય શુદ્ધાત્મા જ ધર્મીને ઉપાદેય છે.

એ પ્રમાણે ઉપાદેય–પરંપરા જાણવી. અને સ્વસન્મુખ ધ્યાનવડે પોતાના શુદ્ધાત્માને ઉપાદેય કરવો.

એમ કરવાથી ઉપરના બધા ઉપાદેયપદ પ્રગટી જાય છે.

(જુઓ પરમાત્મપ્રકાશ અ. ૨ ગા. ૨૨ ની ટીકા)

# આત્મ સન્મુખ થા

## પંચ પરમેષ્ઠીપદનો પરમવૈભવ આત્મામાં ભર્યો છે

પરમાર્થે પંચપરમેષ્ઠિ આત્મા જ છે, આત્માની જે નિર્મળદશા તેમાં જ અરિહંતપણું–સિદ્ધપણું વગેરે સમાય છે. આત્માના ધ્રુવ–સામર્થ્યમાં અરિહંતપણું–સિદ્ધપણું ભરેલું છે. પ્રવચનસારની ૮૦ મી ગાથામાં કહે છે કે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખતાં આત્માનું પરમાર્થસ્વરૂપ જણાય છે, અને તેના દર્શનમોહનો નાશ થાય છે. અરિહંતને પર્યાયમાં જે કાર્ય પ્રગટયું તેનું કારણ આત્મામાં પડયું છે; તેની સન્મુખ થઈને તેને ધ્યાવતાં પરમ આનંદ પ્રગટે છે. આત્મામાં અરિહંતપણું શક્તિરૂપે ભર્યું છે તેથી તેના ધ્યાનવડે તૃપ્તિ થાય છે. પંચપરમેષ્ઠીપણું આત્માના સ્વભાવમાં છે તેથી ખરેખર આત્મા જ સદાય શરણ છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ મોક્ષપ્રાભૃત ગા. ૧૦૪ માં કહે છે કે–

અર્હન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ–પરમેષ્ઠી છે તે પણ આત્મામાં જ સ્થિત છે, તેથી મને આત્મા જ શરણરૂપ છે. પાંચે પદરૂપ નિર્મળદશા આત્મામાંથી પ્રગટે છે, ક્યાંય બહારથી નથી આવતી. પોતામાં એવી પરમેષ્ઠી–દશા પ્રગટ કરીને આચાર્યદેવ કહે છે કે પ્રગટપણે આત્મા જ મારું શરણ છે...તે જ ઉપાદેય છે.

પરમાત્મપ્રકાશમાં (અ. ૨. ગા. ૨૨ ની ટીકામાં) પણ કહ્યું છે કે જગતના પદાર્થોમાં જીવ ઉપાદેય છે, જીવોમાં પંચપરમેષ્ઠી, પંચપરમેષ્ઠીમાં અરિહંત અને સિદ્ધ, તેમાં પણ સિદ્ધ ઉપાદેય છે; પરંતુ આ બધાના લક્ષે હજી વિકલ્પ થાય છે. અંતરમાં નિર્વિકલ્પ ધ્યાનરૂપ સમાધિકાળે તો પોતાનો શુદ્ધઆત્મા જ ઉપાદેય છે. ત્યાં પર ઉપર કે પર્યાયના ભેદ ઉપર લક્ષ રહેતું નથી.

આત્મા જ ઉત્તમપદાર્થ છે, કેમકે તેના જ ધ્યાનવડે ઉત્તમપદ પ્રગટે છે.

અહીં પણ યોગસાર ગા. ૧૦૪ માં કહે છે કે–

નિશ્ચયથી આત્મા જ અર્હન્ત છે, આત્મા જ સિદ્ધ છે, આત્મા જ આચાર્ય છે, આત્મા જ ઉપાધ્યાય છે તથા આત્મા જ મુનિ છે. એ પાંચ પદરૂપ પવિત્રદશા આત્મામાં જ છે. તેથી આત્માનું શરણ કરતાં તે દશા પ્રગટી જાય છે. બહારમાં પંચ પરમેષ્ઠીનું શરણ કહેવું કે તેમને ઉપાદેય કહેવા તે વ્યવહાર છે, વ્યવહારથી તે પૂજ્ય છે, પણ નિશ્ચયથી તો પોતાનો શુદ્ધ આત્મા જ શરણરૂપ ને ઉપાદેય છે; કે જેને ઉપાદેય કરતાં કેવળજ્ઞાન અને સિદ્ધપદ એકક્ષણમાં પ્રગટી જાય છે.

સન્તો કહે છે કે ભાઈ! તું અલ્પ નથી–નાનો નથી પણ મોટો છો, સર્વજ્ઞ જેવડો તું છો; સિદ્ધપણાનું સામર્થ્ય તારામાં ભર્યું છે, અનંતચતુષ્ટયનો ભંડાર તારા સામર્થ્યમાં ભર્યો છે.–આવા સ્વરૂપે આત્માને ચિન્તવતાં ધ્યાનમાં જે પરમ તૃપ્તિ ને આનંદ અનુભવાય છે તે અંદરના ભૂતાર્થ–સત્યસ્વભાવને લીધે જ અનુભવાય છે. અત્યારે પણ આત્માને શુદ્ધચિન્તવવો એ કાંઈ કલ્પના નથી પણ યથાર્થ છે.

ભાઈ, તારા સત્સ્વભાવનો ભરોસો કરીને તેનું ધ્યાન કર. અંદર સ્વભાવમાં સિદ્ધપણું છે તે સત્ છે, તે સત્નું ધ્યાન આનંદ ઉપજાવે છે. આત્માના સ્વરૂપને ધ્યાવતાં રત્નત્રયરૂપ પરિણમીને પોતે જ સાધક (આચાર્ય–ઉપાધ્યાય–સાધુ) થાય છે, ને કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય પ્રગટ કરીને પોતે જ અર્હંત ને સિદ્ધ થાય છે. આત્માનું સ્વરૂપ જ આવું છે. તેમાં ઉપયોગ મુકતાં સહેજે નિર્વિકલ્પતા થઈ જાય છે–એવો જ સ્વભાવ છે. માટે સ્વસન્મુખ થઈને તારા શુદ્ધ આત્માને તું ઉપાદેય કર એવો ઉપદેશ છે.

# ચારિત્રદશા કોને હોય ?

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં શ્રી અમૃતચંદ્રસ્વામી કહે છે કે–

विगलित दर्शनमोहैः समञ्जसज्ञानविदिततत्त्वार्थैः।
नित्यमपि निःप्रकम्पैः सम्यक्चारित्रमालम्ब्यम।।३७।।

જેમણે દર્શનમોહને નષ્ટ કર્યો છે, જેમણે સમ્યગ્જ્ઞાન વડે તત્ત્વાર્થને વિદિત કર્યો છે અને જેઓ સદાકાળ અકંપ દ્રઢચિત્ત છે એવા પુરુષોદ્વારા સમ્યક્ ચારિત્ર અવલમ્બન કરવાયોગ્ય છે.

**ભાવાર્થઃ**- સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પછી સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું જોઈએ

न हि सम्यक्व्यपदेशं चरित्रमज्ञानपूर्वकं लभते।
ज्ञानान्तरमुक्तं चारित्राराधनं तस्मात्।।३८।।

અજ્ઞાનપૂર્વક જે ચારિત્ર હોય તે સમ્યક્ કહેવાતું નથી, તેથી ચારિત્રનું આરાધન સમ્યગ્જ્ઞાનની પછી કહ્યું છે.

**ભાવાર્થઃ**- જો પહેલાં સમ્યગ્જ્ઞાન ન હોય, ને તેના વિના પાપક્રિયાનો ત્યાગ કરીને ચારિત્રભાર ધારણ કરે તો તે ચારિત્રને સાચું ચારિત્ર કહેવાતું નથી; જેમ અજાણી ઔષધિના સેવનથી મરણનો સંભવ છે તેમ જ્ઞાન વગરના ચારિત્રથી સંસારની વૃદ્ધિનો સંભવ છે. જેમ જીવ વગરના મૃતક શરીરમાં રહેલ ઇન્દ્રિયોનો આકાર નિષ્પ્રયોજન છે તેમ સમ્યગ્જ્ઞાન વગર શરીરનો વેષ કે ક્રિયાકાંડ સાધન તે શુદ્ધોપયોગની પ્રાપ્તિના સાધન થઈ શક્તાં નથી.

# જૈન શાસન

## ( પંદરમી વખતના પંદરમી ગાથાના પ્રવચનમાંથી સ્વાનુભૂતિપ્રેરક પંદર બોલ )

( ૧ ) પોતામાં કે પરમાં પરલક્ષી જ્ઞાનના ઉઘાડની જેને મહત્તા છે ને સ્વાનુભૂતિની મહત્તા નથી તેને અનુભૂતિવાળા જ્ઞાનીનો સાચો મહિમા આવશે જ નહિ; અનુભૂતિની મહત્તાની તેને ખબર જ નથી એટલે અનુભૂતિવંત જ્ઞાની ધર્માત્માને તે ઓળખી શકશે નહિ, ને ઓળખ્યા વગર સાચો મહિમા ક્યાંથી આવે ?

( ૨ ) ભગવાનની વાણીમાં જે ચાર અનુયોગ આવ્યા તે બધાનો સાર શું ? કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે બધાનો સાર છે, તે જ જિનશાસન છે, તે જ સર્વ શાસ્ત્રનો સાર છે. આવી અનુભૂતિ વગર જૈનશાસનને જાણ્યું ન કહેવાય.

( ૩ ) જૈનશાસન એટલે શું ? જૈનશાસન એટલે જિનની શિખામણ; જિનની શિખામણ એટલે વીતરાગની શિખામણ; વીતરાગની શિખામણ વીતરાગતાની જ હોય; ને વીતરાગતા શુદ્ધ –આત્માના અનુભવથી જ થાય. માટે–

જેણે શુદ્ધાત્માની અનુભૂતિવડે વીતરાગભાવ પ્રગટ કર્યો તેણે જ વીતરાગી જિનની શિખામણ માની; તેણે જ જૈનશાસનને જાણ્યું, ને તે જ સાચો જૈન થયો.

( ૪ ) આખા જિનશાસનને એટલે કે જિનભગવાનના સર્વે ઉપદેશને તારે જાણવો હોય તો તારા શુદ્ધઆત્માની અનુભૂતિ કર. શુદ્ધઆત્માની અનુભૂતિ તે જ જિનશાસનનો સાર છે. આવી સ્વાનુભૂતિનો જેને મહિમા નથી ને બહારના જાણપણાનો કે શુભરાગનો જેને મહિમા છે, –તેમાં જેને અધિકતા ભાસે છે, તેને અંતરમાં સ્વાનુભૂતિ પામેલા ધર્માત્મા પ્રત્યે સાચું બહુમાન આવશે નહિ, એટલે તે પોતે જાણપણાની અધિકતામાં અટકીને અંતરની સ્વાનુભૂતિ કરી શકશે નહિ.

( ૫ ) બાર અંગનું જ્ઞાન સ્વાનુભૂતિવાળા જીવને જ થાય છે. શુદ્ધઆત્માની અનુભૂતિથી સમ્યગ્દર્શન પ્રગટ કર્યા વગર બાર અંગનું જ્ઞાન કોઈને થાય નહિ. પણ સ્વાનુભૂતિવાળા જીવને માટે એવી કોઈ ટેક કે નિયમ નથી કે બાર અંગનું જ્ઞાન તેને હોવું જ જોઈએ. સ્વાનુભૂતિની કોઈ અચિન્ત્ય વિશેષતા છે, તેમાં ઘણી ગંભીરતા છે.

( ૬ ) આત્માના શુદ્ધસ્વભાવને અવલંબીને પ્રગટેલા શાંતિના વેદનરૂપ નિર્મળ ભાવને આત્મા કહીએ છીએ. શુભાશુભભાવમાં આકુળતારૂપ દુઃખવેદન છે, તે દુઃખવેદનને આત્મા કહેતા નથી, તે ‘અનાત્મા’ છે. આત્માના

શાંત ભાવનું વેદન જેમાં થાય તે જ આત્મા છે. જેને વિપરીત કહ્યા, અચેતન કહ્યા ને અનાત્મા કહ્યા–એવા શુભભાવ તે તો દુઃખ અને આસ્રવ છે, તેના વડે મોક્ષ કેમ સધાય? અજ્ઞાની તેને ધર્મ કહે છે, અહીં આચાર્યદેવ કહે છે કે તે 'અનાત્મા' છે, દુઃખ છે.

(૭) અરે ભાઈ, જેમાં દુઃખનું વેદન એને તે આત્મા કોણ કહે? આત્માને જે દુઃખ આપે તેને આત્માનું સ્વરૂપ કેમ કહેવાય? તેને જૈનધર્મ કેમ કહેવાય? જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ તે જ આનંદરૂપ છે, તે જ જૈનધર્મ છે, તે જ આત્માનું સ્વરૂપ છે. આવા આત્માની અનુભૂતિનો ઉપદેશ ભગવાને આપ્યો છે.

(૮) ભાઈ, ચૈતન્યનું આરામ–ધામ તો સ્વાનુભૂતિના શુદ્ધ ભાવમાં છે, રાગ કાંઈ તારા આરામનું સ્થાન નથી, તે તો આકુળતાનું સ્થાન છે. જેમાં આત્માને આનંદ ન આવે તે ભાવને આરામનું સ્થાન કોણ કહે? સ્વાનુભૂતિ વગર શુભભાવ કરીને નવમી ગ્રવેયકે જનારને પણ આત્માની શાંતિનું જરાય વેદન ન થયું, એકલું દુઃખનું જ વેદન થયું.

(૯) અરે, આત્માની સ્વાનુભૂતિનો સ્વાદ, અજ્ઞાનીએ કદી જાણ્યો નહિ. આનંદમૂર્તિ આત્માનો જે વીતરાગીસ્વાદ, તે સ્વાનુભૂતિમાં પ્રગટે છે, ત્યાં તે અનુભૂતિમાં આત્મા જ પ્રગટયો એમ કહ્યું; એનું નામ 'સામાન્યનો આવિર્ભાવ' કહેવાય; એને જૈનશાસન કહેવાય, એને સ્વાનુભૂતિ કહેવાય, એને આત્મસાક્ષાત્કાર કહેવાય.

(૧૦) જેને પરસન્મુખપણે એકલા રાગનું વેદન છે તેને પરજ્ઞેયનું જ વેદન છે, સ્વજ્ઞેયનું વેદન તેને નથી. સ્વજ્ઞેયના વેદનમાં તો શાંતિ હોય, પરસન્મુખ જોઈને જે લાભ માને છે તે પર જ્ઞેયમાં જ આસક્ત રહે છે, તે સ્વજ્ઞેય તરફ વળતો નથી એટલે સ્વજ્ઞેયની શાંતિનું વેદન તેને થતું નથી; તે પરજ્ઞેયના સ્વાદમાં જ એકાકારપણે આસક્ત છે. સ્વજ્ઞેયનો જે અતીન્દ્રિય આનંદરૂપ સ્વાદ, તે તેના અનુભવમાં આવતો નથી. (એટલે તેને 'સામાન્યનો તિરોભાવ' કહેવાય છે.)

(૧૧) દેવ–શાસ્ત્ર ને ગુરુ શું કહે છે? તેમની આજ્ઞા શું છે? કે પર તરફના જે અભૂતાર્થભાવો તેનાથી પરાંઙમુખ થઈને, તારા ભૂતાર્થ શુદ્ધ સ્વભાવની સન્મુખ થા, ને તેનો અનુભવ કર. આવી આજ્ઞાને જે જાણે નહિ, માને નહિ, ને પરસન્મુખતાથી લાભ માને તો તેણે વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુની આજ્ઞાને જાણી નથી, દેવ–ગુરુ–શાસ્ત્રનો ખરોભક્ત તે થયો નથી. તારે દેવ–ગુરુ–શાસ્ત્રની આજ્ઞા માનવી હોય ને તેમનો સાચો ભક્ત થવું હોય તો સ્વસન્મુખ થઈને આત્માની અનુભૂતિ કર. સ્વજ્ઞેયના વેદનમાં આનંદનો સ્વાદ છે. એ જૈનશાસન છે, એ જિનઆજ્ઞા છે.

(૧૨) રાગથી જુદા એકલા જ્ઞાનનો સ્વાદ કેવો છે તેને અજ્ઞાની જાણતો નથી કેમકે પરજ્ઞેયને જાણતાં તે તે વખતના રાગમાં જ એકાકાર થઈને અનુભવે છે. અજ્ઞાની લક્ષનો દોર એકલા પરમાં રાખીને જ્ઞાનને

ખંડખંડરૂપ, રાગ સાથે ભેળસેળવાળું જ અનુભવે છે; લક્ષને સ્વમાં મૂકે તો એકલા જ્ઞાન–આકારરૂપ આનંદનો સ્વાદ આવે. જ્ઞાની તો જ્ઞાનના ભિન્ન સ્વાદને જ દેખે છે.

(૧૩) જ્ઞાનસૂર્યનો જે વ્યક્ત અંશ છે, તે અંશની એકતા અંશી એવા સ્વદ્રવ્ય સાથે ન માનતાં, અજ્ઞાની પરજ્ઞેયો સાથે એકતા માનીને જ્ઞેયોમાં લુબ્ધ થાય છે, પરસન્મુખ જ રહીને જ્ઞાનને ખંડખંડરૂપ કરી નાંખે છે ને રાગ સાથે ભેળવીને આકુળતાના જ સ્વાદને વેદે છે. જ્ઞાની તો પરજ્ઞેયોથી જ્ઞાનને ભિન્ન કરીને, સામાન્ય સાથે વિશેષની એકતા કરતો થકો જ્ઞાનની અનુભૂતિમાં આનંદનો સ્વાદ લ્યે છે.

(૧૪) જૈનશાસન તો તેને કહેવાય કે જેમાં આનંદનું આસ્વાદન હોય; જેમાં આકુળતા હોય તેને જૈનશાસન કેમ કહેવાય? રાગમાં તો આકુળતાનો સ્વાદ છે, દુઃખ છે, તે ખરેખર જિનશાસન નથી. રાગની અનુભૂતિ તે ખરેખર આત્માની અનુભૂતિ નથી, તે જિનશાસનની અનુભૂતિ નથી, તે ભગવાનનો ઉપદેશ નથી. સ્વસન્મુખ થઈને પર્યાય અંતરમાં અભેદ થતાં, સર્વે પરદ્રવ્યોથી ને પરભાવોથી ભિન્ન એકરૂપ શુદ્ધ આત્માની જે અનુભૂતિ છે તે આનંદના સ્વાદથી ભરેલી છે; તે અનુભૂતિ જ જૈન શાસન છે, તે જ સાચો આત્મા છે ને તે જ જિનદેવનો ઉપદેશ છે. ચોથા ગુણસ્થાનથી આવી અનુભૂતિ શરૂ થાય છે.

(૧૫) જ્ઞાન તે આત્મા છે, ને આત્મા તે જ્ઞાન છે–એમ તેમની એકતા છે; પણ રાગ તે જ્ઞાન નથી, ને જ્ઞાન તે રાગ નથી–એમ તેમની ભિન્નતા છે.–આવી જ્ઞાન સાથે એકતા ને રાગથી ભિન્નતાના ભાન વડે જ્ઞાની જ્ઞાનનો જ સ્વાદ લ્યે છે. જ્ઞાનના સ્વાદમાં આકુળતાનો અભાવ છે ને પરમ શાંતિનું વેદન છે. શુદ્ધનયવડે જે આવું વેદન થયું–તેમાં જિનશાસન સમાય છે; તે મોક્ષમાર્ગ છે, તે ધર્મ છે.

તારી સગવડ ખાતર બીજાના પ્રાણ હણીશ મા.
તારા દોષ ઢાંકવા બીજા પર દોષ ઢોળીશ મા.
તારો આત્મા સાધવા બીજાની મદદ માગીશ મા.

# સાધકે કોની સેવા કરવી ?

( સમયસાર ગા. ૧૬ ના પ્રવચનમાંથી )

* સાધકે દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરવી એટલે પરમાર્થે શુદ્ધ આત્માની આરાધના કરવી એવો ઉપદેશ છે. શુદ્ધ આત્માના સેવનમાં રત્નત્રયની આરાધના સમાઈ જાય છે.

* આ આત્મા, જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ નિત્ય સેવવા યોગ્ય છે. રાગભાવથી આત્મા સાધ્ય કે સાધન થતો નથી; પણ અંતરમાં શુદ્ધઆત્મામાં વળેલા ભાવથી જ આત્મા સાધ્ય ને સાધન થાય છે.

* સાધ્ય પણ આત્મા, ને સાધન પણ આત્મા; રાગ તે સાધ્ય નથી, ને રાગ તે સાધન પણ નથી. માટે રાગભાવે આત્માને ન સેવવો, પણ જે ભાવથી આત્મા સાધ્ય અને સાધક થાય તે ભાવથી એટલે કે શુદ્ધજ્ઞાનભાવથી આત્માને સેવવો. શુદ્ધજ્ઞાનભાવરૂપે પરિણમેલો આત્મા તે સાધક, અને પૂર્ણ શુદ્ધતારૂપ પરિણમેલો આત્મા તે સાધ્ય; આમ સાધક ને સાધ્ય બંનેમાં એક આત્મા જ નિત્ય સેવવા યોગ્ય છે. વચ્ચે રાગ આવે તે સેવવા યોગ્ય નથી, તે સાધનરૂપ નથી.

* અરે જીવ! તારાસ્વરૂપને સાધવામાં બીજું કોઈ તને સાધનરૂપ નથી, તારા આત્માનો જ તને સહારો છે, બીજા કોઈનો સહારો નથી; રાગનો સહારો નથી.

* સાધ્ય અને સાધન બંને એક જાતના હોય, વિરુદ્ધ ન હોય. રાગ સાધન ને શુદ્ધતા સાધ્ય એમ ન હોય, અશુદ્ધતા સાધન થઈને શુદ્ધતાને સાધી શકે નહિ. અશુદ્ધતાવડે અશુદ્ધતા સધાય, શુદ્ધતા વડે શુદ્ધતા સધાય. સાધ્યભાવ કે સાધનભાવ બંનેમાં ધ્યેયરૂપ–આશ્રયરૂપ એક શુદ્ધઆત્મા જ છે. સાધ્ય આત્મા ને સાધન રાગ–એમ નથી.

* સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે પરમાર્થે આત્મા જ છે, કેમકે આત્માના સ્વભાવને તેઓ ઉલ્લંઘતા નથી, આત્માને છોડીને અન્યત્ર તેઓ વર્તતા નથી. તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર રાગને તો ઉલ્લંઘી જાય છે, પણ આત્મસ્વભાવને ઉલ્લંઘતા નથી.

* રાગને અને ભેદને ઓળંગીને પોતાના એકરૂપ આત્માના સેવનથી જ સાધ્ય ને સાધક ભાવ પ્રગટે છે, માટે સન્તોએ, ધર્મીઓએ, આત્માર્થિઓએ શુદ્ધ આત્મા જ એક સદાય સેવવા યોગ્ય છે.–આ સ્વરૂપની પ્રાપ્તિનો ને સુખી થવાનો ઉપાય છે.




**ગયા અંકના પ્રશ્નોના જવાબઃ-**

(૧) સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે તેમાં રાગ ન આવે; કેમકે રાગ કાંઈ મોક્ષમાર્ગ નથી, રાગ તો બંધમાર્ગ છે. મોક્ષમાર્ગમાં વર્તતા સાધકને રાગ હોય ભલે, પણ તે રાગ કાંઈ મોક્ષનું કારણ નથી, રાગ તો બંધનું જ કારણ છે. મોક્ષમાર્ગ માટેનો આ મહત્વનો સિદ્ધાંત ગુરુદેવ આપણને ખૂબ જ સમજાવે છે. આ સિદ્ધાંત લક્ષમાં રાખશો તો આગળ ઉપર મોટા મોટા શાસ્ત્રોના અર્થ સમજવામાં તમને ખૂબ ઉપયોગી થશે.

(૨) ચોવીસ તીર્થંકર ભગવંતોમાંથી (૧૨) વાસુપૂજ્ય (૧૯) મલ્લિનાથ ને છેલ્લા ત્રણ (૨૨–૨૩–૨૪) નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર, આ પાંચ તીર્થંકરો બાલબ્રહ્મચારી હતા.

(૩) નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવ–એ ચારે ગતિ તો સંસારની ગતિ છે; તે સિવાયની પાંચમી એક ગતિ છે, તેનું નામ સિદ્ધગતિ અથવા મોક્ષગતિ, આ સિદ્ધગતિ બહુ મજાની સરસ છે; ત્યાં બધાય સિદ્ધ ભગવાન જ રહે છે; ત્યાં કોઈ જાતના રાગ–દ્વેષ નથી, લડાઈ–ઝગડા નથી, દુઃખ કે દુકાળ નથી; ત્યાં તો બસ આનંદ–આનંદ ને આનંદ જ છે, એવી સિદ્ધગતિમાં જવું કોને ન ગમે? આપણને સૌને ગમે...ગમે...બહુજ ગમે ત્યાં જવાનો માર્ગ ગુરુદેવ આપણને દેખાડી રહ્યા છે.

(૪) (રણવધગદે) આ છ અક્ષરમાં જૈનધર્મના મોટા મહાત્મા શ્રી ‘ગણધરદેવ’ બિરાજી રહ્યા છે; તેમને નમસ્કાર હો.

**નવા પ્રશ્નો-**

(૧) જંગલમાં એક મુનિરાજ બેઠા હતા; એક રાજા ત્યાં આવ્યો, વંદનકર્યા, અને પછી પૂછયું–‘પ્રભો! મોક્ષનો માર્ગ શું છે?’ મુનિ કાંઈ બોલ્યા નહિ, પણ ત્રણ આંગળી બતાવી. તે ઉપરથી રાજા મોક્ષમાર્ગ સમજી ગયો. બંધુઓ, રાજાની જેમ તમે પણ સમજી ગયા કે નહિ? તે લખો.

(૨) બાહુબલી–કુમારના બાપુજીનું નામ શું?

(૩) એક એવી નગરી છે કે, જ્યાં ગયા પછી કોઈ જીવ કદી પાછો આવતો નથી; અને છતાં ત્યાં જવાનું બધાને ગમે છે.–તો એ નગરી કઈ?

(૪) જેમ સમ્મેદશિખર આપણું મહાન તીર્થ છે તેમ અયોધ્યાનગરી પણ આપણું મહાન તીર્થ છે; શા માટે? તે જાણો છો? (જવાબ તા. ૧૦ પહેલાં લખોઃ સરનામું આત્મધર્મ બાલવિભાગ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# બાલવિભાગના નવા સભ્યો

આપણા નવા બાલસભ્યોનાં નામો રજુ કરતાં પહેલાં થોડોક જરૂરી ખુલાસો કરીએ છીએ; બાલવિભાગના સભ્યો સંબંધમાં એક એવી અફવા ઊડી છે કે ઘણા સભ્યો સાવ નાના છે; મેં રજીસ્ટરમાં નોંધાયેલ બધા બાળકોની ઉંમર ને અભ્યાસ તપાસ્યા: ૧૫૪૯ સભ્યોમાંથી દશ ટકા ૨૦ વર્ષથી ઉપરના છે. જેમાં અનેક કોલેજિયનો છે; એંશી ટકા જેટલા ૨૦ થી નીચે ને દશવર્ષથી ઉપરના છે. માત્ર દશ ટકા સભ્યો દશવર્ષથી જરાક નાના છે–જેમાંના મોટાભાગના સ્કૂલમાં અભ્યાસ કરે છે ને હોંશથી આત્મધર્મ વાંચે છે. વાંચતાં લખતાં ન આવડતું હોય એવા નાના સભ્યો માત્ર ૧૫ છે જેમનાં નામ તેમના વડીલોએ જાતે લખી મોકલ્યા છે. ૧૫ જેટલા અપઢ બાળકોની સામે ૪૦૦ જેટલા કોલેજિયનો પણ છે એ વાત લક્ષમાં લેવા જેવી છે. અને હજારો બાળકોને બાલવિભાગ દ્વારા મળતા ઉત્તમ ધર્મ–સંસ્કારોમાં વિઘ્નરૂપ થાય એવી કોઈ અફવા ન ફેલાય એવી સૌને વિનંતી છે. બાળવિભાગ શરૂ થયા પછી આત્મધર્મને પરચુરણ મદદમાં લગભગ સાત હજાર ઉપરાંત રકમો આવેલી છે.–જેમાંની મોટાભાગની રકમો બાલવિભાગના નાના બાળકો તરફથી આવેલી છે. આપણા હજારો નાનકડા કોમળ બાળકોને સાચા ધાર્મિક સંસ્કારો માટે સર્વપ્રકારે પ્રોત્સાહન આપવા જેવું છે. કદાચ કાંઈ ક્ષતિ થતી હોય તો પણ તે માફ કરીને પણ બાળકોના જીવનમાં ધર્મના સંસ્કાર રેડાય તે ઈચ્છનીય છે. (બાળવિભાગ શરૂ થયા પછી સેંકડો બાળકોએ હંમેશા જિનેન્દ્રદેવનાં દર્શન કરવાની પ્રતિજ્ઞા લીધી; સેંકડો બાળકોએ રાત્રિભોજન છોડયું; સેંકડો બાળકો હંમેશા 'આત્મધર્મ' વાંચવા લાગ્યા ને સેંકડો બાળકોએ પોતાને વાપરવા મળેલી રકમો સંસ્થાને ભેટ મોકલી દીધી.) આટલા નમ્ર ખુલાસા બાદ નવા સભ્યોનાં નામ રજુ કરીએ છીએ–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫૫૦ | મધુકર પરમાણંદદાસ જૈન | રાજકોટ | ૧૫૫૮ | નરેન્દ્રકુમાર રમણીકલાલ જૈન | મુંબઈ–૨૮ |
| ૧૫૫૧ | રમેશકુમાર વાડીલાલ જૈન | વઢવાણસીટી | ૧૫૫૯ | સુર્યબાળા પરમાણંદદાસ જૈન | રાજકોટ |
| ૧૫૫૨ | ભરતકુમાર વાડીલાલ જૈન | વઢવાણસીટી | ૧૫૬૦ | અજીતકુમાર એમ. જૈન | તલોદ |
| ૧૫૫૩ | મોતીચંદ બાબુલાલ જૈન | સોનગઢ | ૧૫૬૧ | અરવીંદકુમાર એમ. જૈન | તલોદ |
| ૧૫૫૪ | દિપકકુમાર બાબુલાલ જૈન | સોનગઢ | ૧૫૬૨ | સરોજબાળા એમ. જૈન | તલોદ |
| ૧૫૫૫ | સંજયકુમાર હસમુખલાલ જૈન | સોનગઢ | ૧૫૬૩ | પ્રદીપકુમાર છબીલદાસ જૈન | રાજકોટ |
| ૧૫૫૬ | રાજેશકુમાર શાન્તીલાલ જૈન | સોનગઢ | ૧૫૬૪ | વીરાજ જયસુખલાલ જૈન | મુંબઈ–૧૯ |
| ૧૫૫૭ | હંસાબેન લાલચંદ જૈન | માંડલ | ૧૫૬૫ | રામજી ગંગદાસ જૈન | કાનાતળાવ |

| | | |
|---|---|---|
| ૧૫૬૬ | રતીલાલ સોમચંદ જૈન | તલોદ |
| ૧૫૬૭ | સંજયકુમાર જે. જૈન | મુંબઈ–૭૭ |
| ૧૫૬૮ | અમીતકુમાર જે. જૈન | મુંબઈ–૭૭ |
| ૧૫૬૯ | સ્વાતી કીર્તીકાન્ત જૈન | મુંબઈ–૭૭ |
| ૧૫૭૦ | સોનલ કીર્તીકાન્ત જૈન | મુબઈ–૭૭ |
| ૧૫૭૧ | નરેશચંદ બાબુલાલ જૈન | નવા |
| ૧૫૭૨ | કૈલાશબેન રમણલાલ જૈન | નવા |
| ૧૫૭૩ | મીરાંબેન મ. જૈન | મુંબઈ–૨૬ |
| ૧૫૭૪ | જયેન્દ્રકુમાર પી. જૈન | ધ્રાંગધ્રા |
| ૧૫૭૫ | જગદીશ શામળદાસ જૈન | ગોધરા |
| ૧૫૭૬ | હરીશકુમાર રતીલાલ જૈન | મુંબઈ–૩૧ |
| ૧૫૭૭ | કોકીલાબેન રેવચંદ જૈન | સાણોદા |
| ૧૫૭૮ | જાગૃતી પ્રભુદાસ જૈન | ગઢડાસ્વામીના |
| ૧૫૭૯ | હર્ષાબેન પી. જૈન | ” |
| ૧૫૮૦ | અતુલકુમાર જ. જૈન | ” |
| ૧૫૮૧ | મુકુંદરાય મણીલાલ જૈન | મુંબઈ–૭૮ |
| ૧૫૮૨ | દક્ષાબેન બાબુલાલ જૈન | નવા |
| ૧૫૮૩ | પ્રફુલાબેન બાબુલાલ જૈન | ” |
| ૧૫૮૪ | લલિતાબેન બાબુલાલ જૈન | ” |
| ૧૫૮૫ | રેખાબેન હરીલાલ જૈન | જામનગર |
| ૧૫૮૬ | જતીશચંદ્ર હરીલાલ જૈન | ” |
| ૧૫૮૭ | નીરંજનાદેવી એલ. જૈન | દમોદ |
| ૧૫૮૮ | કીરીટકુમાર ફકીરચંદ જૈન | અમદાવાદ |
| ૧૫૮૯ | પંકજકુમાર ધીરજલાલ જૈન | જામનગર |
| ૧૫૯૦ | યોગેશકુમાર એસ. જૈન | ” |
| ૧૫૯૧ | હર્ષદાબેન પ્રીતમલાલ જૈન | ” |
| ૧૫૯૨ | અલકાબેન ડી. જૈન | ” |
| ૧૫૯૩ | નયનાબેન હરિલાલ જૈન | મુંબઈ |
| ૧૫૯૪ | તરૂલતા પરમાણંદદાસ જૈન | રાજકોટ |
| ૧૫૯૫ | કીરીટકુમાર નાનચંદ જૈન | મુંબઈ |
| ૧૫૯૬ | ભારતીબેન ઉતમચંદ જૈન | વડીયાદેવળી |
| ૧૫૯૭ | પ્રતીમા શેઠિયા જૈન | સરદારસદર |
| ૧૫૯૮ | સતીશ સુમતીલાલ જૈન | ઘોડનદી |
| ૧૫૯૯ | કીરીટકુમાર માધોલાલ જૈન | તલોદ |
| ૧૬૦૦ | મયુરકુમાર લીલાધર જૈન | મુંબઈ–૩૧ |
| ૧૬૦૧ | હરીશ રતીલાલ જૈન | મુંબઈ–૩૧ |

**પ્રશ્નોના જવાબ મોકલનાર સભ્યોનાં નંબર**

૮૩૫, ૧૧૫, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૮૭, ૩૭૨, ૧૩૨૨, ૨૮૭, ૧૩૪૫, ૭૪૦, ૧૪૩૫, ૪૬૬, ૪૬૭, ૬૩૦, ૧૫૯૯, ૧૪૫૫, ૨૨૦, ૧૩૩, ૧૪૦, ૨૪૬, ૧૬૬, ૧૬૮, ૨૪૬, ૧૨૯, ૭૫૪, ૨૪૭, ૧૪૦૨, ૫૪૩, ૨૫૮, ૨૧૫, ૫૮૨, ૨૧૮, ૮૧, ૩૬૯, ૨૬૨, ૪૬૫, ૧૪૬૯, ૧૪૭૦, ૯૭૯, ૪૦, ૧૭૯, ૩૪૪, ૮૦,૧૪૩૪, ૩૦૦, ૧૪૫૩, ૧૪૩, ૫૫૦, ૧૧૧૩, ૪૫૯,૧૨૦, ૧૫૨૯, ૯૭૨, ૪૫, ૧૩૩૩, ૧૩૩૨, ૩૯૨,૩૯૩, ૧૧, ૧૨, ૧૩૩૯, ૨૧૮, ૧૩૩૪, ૧૦૮૩, ૭૬૯, ૫૪૨, ૧૩૮૬, ૭૫૮, ૭૪૧, ૯૦, ૧૧૭, ૩૩૯, ૩૭૭, ૩૨૦, ૪૪૫, ૮૧૨, ૩૨૫.

( મોડા આવેલા નંબર આપ્યા નથી. )

( ત્રણવાત ) રાત્રિભોજનત્યાગની ઝુંબેશમાં ઉત્સાહ બતાવીને ઘણા બાળકોએ તથા બીજા પાઠકોએ પણ રાત્રિભોજન છોડયું છે. બંધુઓ ! આત્મધર્મ– વાતની બાલવિભાગ સમસ્ત પરિવાર પાસે હું આ ત્રણ આશા રાખું છું કે–

૧. ‘જિનવરના સન્તાન છીએ’ એમ સમજીને, આત્મહિતને માટે ધર્મના તત્ત્વજ્ઞાનમાં રસ લ્યો.

૨. હંમેશા જિનેન્દ્રભગવાનના દર્શન જરૂર કરો.

૩. રાત્રિભોજન છોડો.

પહેલી વાત મુખ્ય છે. ને તેનું પાલન તમે કરનારને બીજી બે વાત તો સાવ સહેલી છે.–આટલું કરશોને ?

–હા ! —જય જિનેન્દ્ર

( બીજા ઇનામો આવતા અંકે )




* સૌથી પહેલા આનંદકારી સમાચાર એ છે કે, આપણા પૂજ્ય તીર્થધામ શ્રી **સમ્મેદશીખરજી**–તીર્થધામની યાત્રા ગુરુદેવ સાથે કરવાની ઘણા ભક્તોની જે ભાવના હતી તે સફળ થશે. આવતી સાલ ફાગણ માસમાં જયપુર પછી સમ્મેદશિખરની યાત્રા કરવાનો નિર્ણય ગુરુદેવ સમક્ષ નક્કી થઈ ગયો છે. તેનો વિગતવાર કાર્યક્રમ વિચારાઈ રહ્યો છે, જે નક્કી થયે જણાવવામાં આવશે. યાત્રાસંઘનું પ્રસ્થાન જયપુરથી લગભગ ફાગણ સુદ ત્રીજે થશે.

* **પાલેજ શહેરના** જિનમંદિરને આવતી સાલ (૨૦૨૩ ના માગશર સુદ અગિયારસે) દસ વર્ષ પૂરા થાય છે, આ નિમિત્તે ગુરુદેવની મંગલ છાયામાં ઉત્સવ કરવાની ત્યાંના ભાઈઓની ભાવના થયેલ, ને વિનંતી કરેલી, તેથી કારતક વદમાં સોનગઢથી પ્રસ્થાન કરી, અમદાવાદ, વડોદરા અને મીંયાગામ થઈને માગસર સુદ ચોથે ગુરુદેવ પાલેજ પધારશે, ને ત્યાં આઠ દિવસ ( માગશર સુદ ૧૧ સુધી ) બિરાજશે. ત્યારબાદ પુનઃ સોનગઢ પધારશે.

* **મોટા આંકડિયા તથા જસદણમાં** પણ દિગંબર જિનમંદિર તૈયાર થઈ રહ્યા છે, ત્યાં પણ પ્રતિષ્ઠામહોત્સવ આગામી સાલમાં થશે. આ ઉપરાંત ગુજરાતમાં **હિંમતનગરમાં** પણ નવા જિનમંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ થવાનો છે; તથા રાજસ્થાનના સાયલા ગામે તથા ઉદેપુરમાં પણ જિનબિંબ–વેદીપ્રતિષ્ઠા થવાની છે. આંકડિયાનું મુહૂર્ત માહ સુદ એકમ તથા જસદણનું માહ સુદ અગિયારસ છે. વીંછીયા–લાઠી તથા રાણપુરની પણ વિનંતી છે. સોનગઢથી લગભગ પોષ વદ આઠમે પ્રસ્થાન કરી, પ્રતિષ્ઠા ઉત્સવ વગેરે કરી, માહ વદ દશમે ગુરુદેવ જયપુર પધારશે.

* બોટાદના દિ. જૈન સંઘની વિનંતીથી આગામી સાલની વૈશાખ સુદ બીજ ત્યાં કરવાનું ગુરુદેવે સ્વીકાર્યું છે; ને વેશાખ સુદ બીજ પહેલાં આઠ દિવસ અગાઉ ગુરુદેવ બોટાદ પધારશે.

* રાજકોટના દિ. જૈન સંઘ તરફથી પણ વિનંતી થઈ હતી; બોટાદમાં વૈશાખ સુદ બીજ કર્યા પછી તરત રાજકોટ પધારવાનું ગુરુદેવે સ્વીકાર્યું છે. અને ઉનાળાની રજામાં વિદ્યાર્થીઓ માટેનો જે શિક્ષણવર્ગ દર વર્ષે સોનગઢમાં ચાલે છે, તે શિક્ષણવર્ગ આગામી સાલ રાજકોટમાં ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

* સૌરાષ્ટ્રના અનેક ગામોના સંઘો તરફથી પણ વિનંતી આવેલ છે, ને તે સંબંધી વિચારણા યાત્રાનો પૂરો કાર્યક્રમ ગોઠવાય ત્યારે નક્કી થશે.

* **દશલક્ષણપર્વ** સોનગઢમાં આનંદથી ઉજવાયા હતા. હંમેશા દશલક્ષણ મંડલવિધાન પૂજા થતી હતી. સુગંધદશમીના દિવસે દશ પૂજન–સ્તોત્ર તથા અંતિમ દિવસોમાં રત્નત્રયપૂજન વગેરે થયા હતા. પૂર્ણિમાને દિવસે રથયાત્રા ઉત્સવ તથા એકમને દિવસે ક્ષમાવણીપર્વ ઉજવાયા હતા. દશે દિવસ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાંથી ઉત્તમક્ષમાદિ દશધર્મો ઉપર પૂ. ગુરુદેવે પ્રવચનો કર્યા હતા. તે ઉપરાન્ત સવારે સમયસાર ગા. ૧૩–૧૪ તથા બપોરે કર્તાકર્મ અધિકાર ઉપર સુંદર પ્રવચનો થયા હતા. સવારે સમ્યક્ત્વ કેમ થાય તેનું સ્વરૂપ, ને બપોરે ભેદજ્ઞાન કેમ થાય તેનું સ્વરૂપ ઘણા વિસ્તારથી ગુરુદેવ સમજાવતા હતા. રાત્રે પણ સુંદર તત્ત્વચર્ચા થતી હતી. સહારનપુર વગેરે દૂરદૂરના સ્થળેથી અનેક જિજ્ઞાસુઓ સોનગઢ આવ્યા હતા ને સોનગઢમાં પર્યુષણ કરીને પ્રસન્ન થયા હતા. વિશેષમાં, સોનગઢમાં એક બહેને દશ ઉપવાસ તથા બીજા બહેને આઠ ઉપવાસ વગેરે કર્યા હતા. સોનગઢ ઉપરાન્ત બીજા અનેક સ્થળેથી–મુંબઈ, રાજકોટ, મોરબી, વાંકાનેર, લાઠી, જોરાવરનગર, ઈન્દોર, વગેરેમાં પણ આનંદથી દસલક્ષણપર્વ ઉજવાયાના સમાચાર છે.

* * * * *

## આસો માસના મંગલ દિવસો

| | |
|---|---|
| આસો સુદ ૧ નેમિનાથ–જ્ઞાનકલ્યાણક | ( ગીરનારઃ સહેસ્રાવન ) |
| આસો સુદ ૮ શીતલનાથ–મોક્ષકલ્યાણક | ( સમ્મેદશિખર ) |
| આસો વદ ૧ અનંતનાથ–ગર્ભકલ્યાણક | ( અયોધ્યા ) |
| આસો વદ ૪' સંભવનાથ–'જ્ઞાન' કલ્યાણક | ( શ્રાવત્સી નગરી ) |
| આસો વદ ૦ ) ) મહાવીર–મોક્ષ કલ્યાણકઃ દીપાવલી | ( પાવાપુરી ) |

## વૈરાગ્ય સમાચાર

* વીંછીયાના ભાઈશ્રી હરિલાલ લાલચંદ ધોળકીયા ( જેઓ ઘાટકોપર મુમુક્ષુ મંડળના મંત્રી શ્રી રસિકભાઈના પિતાજી હતા તેઓ ) ઘાટકોપર મુકામે તા. ૫–૧૦–૬૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નિવૃત્તિપૂર્વક સ્વાધ્યાયાદિ કરતા હતા.

* ધ્રોળવાળા મોહનભાઈના બહેન સમરતબેન વાઘજીભાઈ સોનગઢમાં દ્વિતીય શ્રાવણ સુદ ત્રીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, ઘણા વખતથી તેઓ સોનગઢ રહેતા હતા.

સદ્ગત આત્માઓ જૈનધર્મના પ્રતાપે આત્મહિત પામો.

∗ શ્રવણબેલગોલમાં ઇન્દ્રગિરિ ઉપર સ્થિત બાહુબલી ભગવાનનો મહામસ્તકાભિષેક જે તા. ૧–૧–૬૭ ના રોજ થવાનું અગાઉ જાહેર થયું હતું, તેને બદલે તા. ૩૦ માર્ચ ૧૯૬૭ ને ફાગણ વદ પાંચમના રોજ તે મહાઅભિષેક કરવાનું નક્કી થયું છે.

∗ સમ્મેદશિખરજી વગેરે પૂજ્ય તીર્થો પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તીર્થરક્ષાફંડની યોજના અનુસાર વ્યક્તિદીઠ અગર ઘરદીઠ કેટલીક રકમ આવેલી તે તીર્થરક્ષાકમિટિને (હીરાબાગ મુંબઈ) મોકલી આપવામાં આવી છે. રકમ મોકલનાર સૌને ધન્યવાદ! (આ યોજના અનુસાર આપણા પૂજ્ય તીર્થોની સેવા અને રક્ષા માટે ઘરદીઠ એક રૂપિયો અગર વ્યક્તિદીઠ એક રૂપિયો દર વર્ષે મોકલવાનો હોય છેઃ– (સરનામુંઃ મેનેજર, ભારત વર્ષીય દિ. જૈન તીર્થક્ષેત્ર કમિટિ, ગીરગાંવ, હીરાબાગ, મુંબઈઃ ૪)

∗ દિલ્હીના મુમુક્ષુભાઈઓ વિનંતી કરવા આવેલા, ને ચાર દિવસની સ્વીકૃતિ આપેલ છે.

**તાજા સમાચારઃ**

આ છેલ્લા પાનામાં આઠ દશ લાઈન ખાલી હતી, તેમાં શું છાપવું તે વિચારતો હતો; ત્યાં તો વહેલી સવારમાં ગુરુદેવના સુંદર મજાના શાંતિપ્રેરક ઉદ્ગાર મળ્યા–

**“પ્રભુ! અનંત શાંતિનું ધામ તું પોતે જ છો, પછી બીજા અંતર્જલ્પ કે બહિર્જલ્પ કરવાની વૃત્તિનું શું કામ છે? બહાર જતી વૃત્તિને છોડીને, એક અનંત શાંતિમય ધામ પ્રભુ આત્મામાં છે, એમાં જ તું લયલીન થા...એની જ પ્રીતિ કરીને એમાં જ રમ.”**

– जयजिनेन्द्र


# મંગલ દીપાવલી પર્વ



આવી રહ્યું છે મંગલ દીપાવલીપર્વ! દીપાવલીપર્વ એ કોઈ લૌકિક આનંદપ્રમોદનું પર્વ નથી, પણ એ તો મોક્ષના ઉત્સવનું પર્વ છે...મોક્ષની ભાવનાનું પર્વ છે. ભગવાન મહાવીર એ દિવસે જે માર્ગે મુક્તિપુરીમાં પધાર્યા તે મુક્તિના માર્ગની ભાવના કરીને તેની અનુમોદનાનું અને તે માર્ગે આત્માને લઈ જવાનું એ મંગલ પર્વ છે.

આસો વદ અમાસનાં પરોઢિયે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા ને પાવાપુરીમાં હજારો લાખો દીપકોની માળા વડે મોક્ષનો ઉત્સવ ઉજવાયો; ભારતભરમાં એ ઉત્સવ પ્રસિદ્ધ થયો... મોક્ષનો ઉત્સવ ઉજવતાં કોને આનંદ ન થાય!! થોડાક વર્ષમાં એ મોક્ષમહોત્સવના અઢીહજાર વર્ષ પુરા થશે, ને એ વખતે મહાવીર પ્રભુના શાસનમાં કોઈ અનેરા ઉત્સવથી આપણો ભારતદેશ વિશ્વમાં જગવિખ્યાત બનશે. આપણે પણ વીરમાર્ગની આરાધનાવડે, રત્નત્રય દીવડા પ્રગટાવીને મોક્ષના ઉત્સવની તૈયારી કરીએ.

# ભરવાડમાંથી ભગવાન



( કુંદકુંદસ્વામીનો જીવ ગોવાળના ભવમાં મુનિને શાસ્ત્રદાન કરે છે. )

આ ગોવાળ છે તે કુંદકુંદસ્વામીનો જીવ છે. બે હજાર વર્ષ પહેલાં આપણા ભારત દેશના દક્ષિણભાગમાં એક શેઠ રહેતા હતા. તેમને ત્યાં એક ગોવાળ હતો. તે ઘણો ભદ્ર હતો.

એક વાર તે ગોવાળજી ગાય ચરાવવા જંગલમાં ગયા હતા. ત્યાં તેણે જોયું કે આગમાં આખુંય જંગલ ભસ્મ થઈ ગયું છે–પણ વચ્ચે એક ઝાડ લીલુંછમ ઊભું છે! એ દેખીને તેને અચંબો થયો. તેણે ઝાડ પાસે જઈને જોયું તો ઝાડની બખોલમાં એક શાસ્ત્ર હતું. તેને લાગ્યું કે આ શાસ્ત્રના પ્રભાવથી જ આ ઝાડ બચી ગયું છે; એટલે તે ગોવાળા ઘણા જ બહુમાનપૂર્વક તે શાસ્ત્ર પોતાના ઘરે લઈ ગયો.

તે શેઠના ઘરે એકવાર મોટા મુનિરાજ પધાર્યા, ને શેઠે ભક્તિપૂર્વક આહારદાન દીધું, આ જોઈને ગોવાળને પણ મુનિ પ્રત્યે ઘણું જ બહુમાન આવ્યું ને વનમાંથી લાવેલ શાસ્ત્ર ઘણા જ ભાવપૂર્વક તે મુનિરાજને વોરાવ્યું. તે વખતે જ્ઞાનના અચિન્ત્ય બહુમાનની ઊર્મિઓ એના અંતરમાં જાગી ને મુનિરાજને જોઈને ભાવના થઈ કે અહો, હું પણ આવો સાધુ ક્યારે થાઉં!–આ શાસ્ત્રદાનના પ્રભાવથી એનું જ્ઞાનાવરણકર્મ ઘણું તૂટી ગયું.

કેટલાક વખત પછી એ ગોવાળનો જીવ મરીને એ શેઠને ત્યાં જ પુત્ર તરીકે અવતર્યો નાનપણથી જ ઘણા વૈરાગી અને તીક્ષ્ણ બુદ્ધિમાન એવા તે બાળકે ૧૧ વર્ષની ઉમરે તો જિનચંદ્ર સ્વામી પાસે દીક્ષા લીધી. ૧૧ વર્ષનો કિશોર હાથમાં મોરપીંછી ને કમંડળ લઈને મુનિપણે વીતરાગદશામાં વિચરવા લાગ્યો. એ જ આપણા ભગવાન કુંદકુંદાચાર્યદેવ.

તેઓ મુનિ થયા...પછી શું થયું? તે બહુ મજાની વાત આવતા અંકમાં કહીશું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસઃ ભાવનગર.